અહીં વહે છે સ્નેહની સરવાણી

vol:3

@snehnusarnamu

Manish Sutariya

VISIT…

Contents

વાર્તા એક

કોરો કાગળ

વાર્તા બે

મોજડી

વાર્તા ત્રણ

દેશ મતલબ

વાર્તા ચાર

મગજમારી

વાર્તા પાંચ

ભવિષ્યવાણી

@snehnusarnamu

વાર્તા છ

સ્વતંત્રતા

વાર્તા સાત

સાત વિડીયો

વાર્તા આઠ

ભોજન સમારંભ

વાર્તા નવ

કુદરતનું ઈંડું

વાર્તા દસ

એસિડીક શેતાન

વાર્તા અગિયાર

એક શ્વાસ

વાર્તા બાર

દેવજી દુંદાળો

વાર્તા તેર

ઉલ્કાની સવારી

વાર્તા ચૌદ

સંપૂર્ણ દેવ

@snehnusarnamu

Disclaimer

This is a work of fiction. Names, characters, businesses, places, events and incidents are either the products of the author's imagination or used in a fictitious manner. Any resemblance to actual persons, living or dead, or actual events is purely coincidental.

@snehnusarnamu

પુસ્તક વિશે

સૌથી લાંબો અંતરાલ! લેખન કાર્યમાં એટલી બધી મજા આવી રહી હોય અને જયારે તમને લાગે કે હવે લખવું જ નથી અને પછી તમે ધીરે ધીરે તમારી કૃતિઓને ઘડતા જાઓ, એક શિલ્પીની જેમ ઘાટ આપતા જાવ, એ સ્વીકારીને કે તમને પોતાને ખબર નથી કે તમે શું બનાવી દેશો!
સર્જનાત્મકતાને ન્યાય આપવામાં સમય સામે માત ખવાઈ જવાય છે એ સ્વીકારવું રહ્યું અને એટલે જ આ અને બીજા પ્રોજેક્ટસમાં જોઈએ એથી વધારે સમય નીકળી ગયો અને જાણે ઘણું બધું લૂંટાઈ ગયું હોય તેવો ભાસ થયો. ખેર, એવું પણ નથી કે બધું જ લૂંટાઈ ગયું હોય!
પુસ્તકમાં ફરી એવી જ ટૂંકી વાર્તાઓ, ફરી એ જ અલગ અને અનોખી સાંસારિક કથનીઓ ઉમેરવામાં આવેલી છે. મનને હચમચાવી નાખે તેવી, હૃદયદ્રાવક અને ચોખ્ખેચોખ્ખી વાર્તાઓ આમાં છે. શૈલીમાં બદલાવ ભલે ન થયો હોય પણ વાર્તાઓનો દાયરો બદલાઈ ગયો છે, કંઈક અંશે ઊંચો થયો છે. એવું કહી શકાય કે વાર્તાઓ હવે પોતાની ફ્રીડમ લઇ રહી છે...
ક્યાંક મનોરંજન છે તો ક્યાંક મનોમંથન. ક્યાંક બિમારી છે તો ક્યાંક ઉપાય. ક્યાંક વાસ્તવિકતા છે તો ક્યાંક તેનો સ્વીકાર. આ વખતનો વોલ્યુમે પોતાનું સ્તર ઊંચું કરેલ છે. વાંચવાની મજા પડી જાય કે આંખો ખુલી જાય કે એકાદ વાર્તા ગમી જાય તો પોતાની કમેન્ટ પુસ્તકના પેજ પર કરવાનું માંડી ન વાળશો. તમારી અમુલ્ય કમેન્ટને લીધે પુસ્તકને સારો એવો રેન્ક મળી શકે અને એ રીતે પુસ્તકની પહોંચ વધી શકે.

@snehnusarnamu

હેપ્પી રીડીંગ!
મનીષ સુતરીયા

લેખક વિશે

રેપ્ટાલિયનોના રહસ્યમાં અને પછી નવી પેઢી જૂની પેઢીમાં વ્યસ્ત થયેલા આ લેખકની લેખનકળા વિકાસ કાળમાં છે એમ કહી શકાય. લેખકે ભૌતિક વિજ્ઞાન વિષયમાં પોસ્ટ ગ્રેજયુએશન પૂરું કરેલ છે અને સાથે શિક્ષણમાં બેચલર ડીગ્રી ધરાવે છે. આ પહેલાં તેમણે ચાર પુસ્તક રચેલા છે જેમાં વિજ્ઞાન કથા તરીકે ‘રેપ્ટાલિયન્સનું રહસ્ય’ અને ટૂંકીવાર્તાઓના સમૂહને સમાવતાં પુસ્તક ‘નવી પેઢીની જુનવાણી વાર્તાઓ વોલ્યુમ ૧ અને ૨’ અને હોરર થ્રિલર ‘મોતનો કૂવો’ છે.
જીવનના કલાકો પૂરતા નથી કે જે જેટલું પણ મનમાં ઉમટી રહ્યું હોય તેને લખીને ન્યાય આપી શકાય! કલ્પનાશક્તિનો ઉપયોગ કરી શીખતા રહેવું અને એ દ્વારા કશુંક બહેતર કરવું હંમેશા ઉદ્દેશ્ય રહે છે. એવા તો કેટલાય પ્રોજેક્ટ અને વાર્તાઓ મનમાં ભરેલી છે કે જેઓને લખવા જતાં વર્ષો વીતી જાય છતાં લેખક એ બાબત પ્રત્યે કમિટેડ છે કે તેઓ લખશે અને બની શકે તેટલું લખશે...

@snehnusarnamu

Copyright © Manish Sutariya

All rights reserved. No part of this publication may be reproduced, distributed, or transmitted in any form or by any means, including photocopying, recording, or other electronic or mechanical methods, without the prior written permission of the publisher, except in the case of brief quotations embodied in critical reviews and certain other non-commercial uses permitted by copyright law. For permission requests, write to the publisher, addressed “Attention: Permissions Coordinator,” at the address below.

Amazon direct publishing,
Himmatnagar,
Gujarat,
India,
383001

@snehnusarnamu

Ordering Information:
Link to the Book is below.

Format: Kindle Edition
File Size: KB
Print Length: pages
Simultaneous Device Usage: Unlimited
Sold by: Amazon Asia-Pacific Holdings Private Limited
Language: Gujarati
ASIN:

Give your precious reviews after completing this Book on Amazon Book link. Share and promote if you like.

વાર્તા એક
કોરો કાગળ

@snehnusarnamu

“જીવતે જીવ તો તેણે અમારા માટે કશું ન કર્યું, હવે મર્યા પછી વસિયતમાં આ કોરો કાગળ શું કામ મૂકી ગયો હશે એ ડોસલો?”
“ભાઈ, મને તો લાગે છે કે બાપાનું છેલ્લા દિવસોમાં છટકી ગયેલું!”
કરોડોની સંપત્તિને લાચાર બેઠા જોઈ રહેલા બે ભાઈઓ પોતાના બાપના જ બેસણામાં બળાપો કાઢી રહ્યા હતા. લોક તો વિખેરાઈ ગયું હતું પણ ગુસ્સો વિખેરાયો નહોતો. આખું જીવન પ્રકાશ ઘણું કમાયો પણ જ્યારથી તેને ખબર પડવા માંડી કે દીકરાઓ તેની સંપત્તિનો દૂરુપયોગ કરી રહ્યા હતા ત્યારે તેણે પોતાની વસિયત બદલી નાખી. પ્રકાશની પત્ની ઘણી નાની ઉંમરે પાંખો ફફડાવીને આકાશમાં ઉડી ગયેલી. તેને જીવથી વધારે પ્રેમ કરનાર પ્રકાશે ફરી લગ્ન ન કર્યા. માં વગરના બે બાળકો કદાચ એ લીધે જ બગડી ગયા હશે!
“માં હોત તો આવું ન થવા દેત.”
“સાચી વાત છે પણ આપણે આપણી મમ્મીને જોયાં જ ક્યાં છે?”
“આ કોરા કાગળની જેમ માં ની મમતા પણ આપણા જીવનમાં કોરી રહી ગઈ!”
બંને ભાઈઓ નિસાસા નાખતા પોતાના બાપના ફોટા ભણી જોઈ રહ્યા. શું કામ પ્રકાશે એવું કર્યું હતું? શું તેના મનમાં એટલી બધી દાઝ હતી પોતાના જ સંતાનો પ્રત્યે? એવું તે શું થયું હતું?
પત્નીના ગયા પછી પ્રકાશ ઘણો સેવાભાવી બની ગયો હતો. પોતાના પૈસા તે ઘણીવાર સેવાના કામોમાં ખુલ્લાં મૂકી દેતો. એક દિવસે તે મંદિરની બહાર બેસતા ભિખારીઓમાં ધાબળા વિતરણ કરવા ગયો હતો. ત્યાં તેની નજર એક નાનકડી છોકરી પર પડી. તેનો પહેરવેશ એકદમ ગંદો હતો, વાળ વિખરાયેલા હતા. માંડ પંદરેક વર્ષની તે છોકરી દેખાવે સુંદર હતી પણ અનાથ લાગી રહી હતી. પ્રકાશે તપાસ કરાવી તો ખરેખર તે સાચું નીકળ્યું. કોઈક મંદિરના બહાર તે લાચાર છોકરીને એકલી મૂકીને જતું રહ્યું હતું.
@snehnusarnamu
પ્રકાશે તે છોકરીને પૂછવાનો પ્રયત્ન કરી જોયો કે તેના માબાપ ક્યાં હતા પણ એ પ્રયત્ન વ્યર્થ હતો કેમ કે તે બોલી શકતી નહોતી!
પ્રકાશની આંખોમાંથી આંસુઓ વહ્યા. પોતાને દીકરી નથી એવું યાદ આવ્યું ત્યારે તેણે જટ દઈને તે છોકરીને પોતાના ખોળામાં લઈ લીધી અને વહાલ કરવા લાગ્યો. જાણે તેને દીકરી મળી! તે છોકરીને પોતાના ઘરે લઈ ગયો. થોડા દિવસમાં પ્રકાશને ખબર પડી કે છોકરી ભણેલી પણ નહોતી જેથી કશુંક લખી શકે. તો તેણે પોતે તે માસૂમને ભણાવવાનું શરૂ કરી દીધું. એકડો શીખીને તે છોકરી રાજી થઈ અને ઘણું કરીને લખતાં શીખી ગઈ. એ નાનકડો જીવ પોતાના બાપને જોઈને ખુબ હરખાતો. પ્રકાશ કામ પરથી આવીને તે છોકરીને સમય આપતો તે તેના પગ્યા પાધરા રહેતા છોકરાઓને ન ગમતું. કામ ધંધા વગર બાપના પૈસે ઘરમાં લ્હેર કરનારા બંનેના આંખોમાં પેલી છોકરી પણ ખૂંચવા લાગેલી!

“બેટા, આ જો, આ કોરો કાગળ છે. તેના પર આપણે આ પેનથી લખવાનું હોય. તને જે શીખવાડ્યું છે તે તું આના પર લખ.” પ્રકાશ કોરો કાગળ તે છોકરીને આપીને ત્યાંથી નીકળી ગયો. તે છોકરી પણ હોંશે હોંશે તે કોરો કાગળ લઈને બેસી ગઈ. કશુંક લખવું હતું તેને પણ સુજતું ન હોવાથી સૂનમૂન બેસી રહી. પેલા બે ભાઈઓ આરામથી પોતાના જીવન કોઈ જાતની ફિકર વગર, હેતુ વગર પસાર કરે જતા હતા. પ્રકાશે વસાવેલું પ્રકાશીય ડબલું તેઓ મનભરીને માણતા પણ આજે તે ડબલામાં તેમણે કશુંક અજુગતું ચડાવેલું! ન જોવાનાં તે ઘણા દ્રશ્યો તેઓને વિચલિત કરી રહ્યા હતા. ઓરડામાં કોઈ નહોતું પણ પેલી માસૂમ છોકરી નિર્દોષભાવે બેસીને રમતી હતી! તે ડબલાનો કાર્યક્રમ પૂરો થયો તે બાદ બંને ભાઈઓ ઊભા થયા. તે છોકરીને કશુંક લખાવવા...

સાંજ પડી. પ્રકાશ મારતી ગાડીએ ઘરે પહોંચ્યો. છોકરીના મૃત્યુના સમાચાર તે બે ભાઈઓએ જ આપેલા. તે ઘરની અગાસી પર દોડતી હતી ત્યારે પાળી પરથી પડી જવાથી તેનું મોત થયું. પણ શું કામ તે દોડતી હતી?

પ્રકાશ ઘણું રોયો. જાણે તેની પોતાની એકની એક દીકરી જતી રહી હોય તેમ તે રડે જ ગયો! તેનું મન ભારે વિષાદથી ભરાઈ ગયું. અઢળક સંતાપ લઈને તે જીવનને મોતની જેમ નિહાળવા લાગ્યો. કોઈનું શું ખરાબ કર્યું હતું એ છોકરીએ કે તેનું એવું મોત આવ્યું? એ કોરો કાગળ કોની શાહીથી ખરડાયો હતો?

@snehnusarnamu

પ્રકાશ પોતાની એ વહાલસોયી દીકરીને અગ્નિદાહ દઈને ઘેર આવ્યો ત્યારે ખૂણામાં પડેલો પેલો કોરો કાગળ તેના હાથમાં લાગ્યો. પ્રકાશે તે કાગળનું નિરીક્ષણ કર્યું. તે કાગળના છેડાથી આગળ તે છોકરીએ કશુંક દોરવાનો પ્રયત્ન કરેલો. પ્રકાશ આંખો ખેંચીને તે નિશાની ઓળખવાનો પ્રયત્ન કરવા લાગ્યો. તે નિશાની તો તેણે જ તે છોકરીને શીખવેલી! તે માસૂમ કાગળ પર એક નિશાની હતી, ખતરાની!

“ભાઈ, હવે આપણે શું કરીશું? પૈસા વગર આપણું જીવન કોરું કટ, શૂન્ય જેવું. પહેલેથી મહેનત કરીને આપણે સર્જન કરવું પડશે!”

“હા મને પણ લાગે છે ભાઈ. જો આપણે આપણી શાહીને કાબુમાં રાખી હોત તો?”

“તો બાપો ખીજવાયો ન હોત. આપણને કોરો કાગળ અંગૂઠાની જેમ બતાવીને ચાલ્યો ન ગયો હોત! મને તો પેલી છોકરીનો કોરો કાગળ યાદ આવે છે!”

“સાચી વાત. મને પણ. કાશ... જો... પણ ભાઈ, ખરેખર બાપાનો જ વાંક. માં ની મમતાથી આપણને દૂર જો રાખ્યા.”

બેસણું પત્યાનો બીજો દિવસ હતો. પ્રકાશના ફોટા પર ઉપરની છત પરથી પાણી ટપકી રહ્યું હતું જેના લીધે તેના ચહેરા પર આંસુઓ જેવું દ્રશ્ય ઉપજેલું હતું! તે જાણે નિસાસા નાખી રહ્યો હતો કે તેના છોકરાઓની સમજણનો કાગળ કોરો જ રહી ગયો!

વાર્તા બે
બોજડી

@snehnusarnamu

“તારા માટે મોજડી લાવી છું. બહુ જ સરસ છે, પહેરી જો ને પ્લીઝ.”
“સારું સારું, પણ મને શ્વાસ તો લેવા દે.”
ખુશહાલ દંપત્તિનો આ નાનકડો સંવાદ હતો. પતિ ઓફિસેથી ઘરે આવ્યો ત્યારે તેની પત્ની જે તેના માટે મોજડી લાવી હતી તે બતાવી.
“પણ વ્હાલી, ઓફિસમાં આ મોજડી હું કેવી રીતે પહેરી શકું?”
“બધુંયે ચાલે. આજકાલ તો ફેશન છે આ બધાની. તું તારે બિન્દાસ પહેર. કોઈક ટકોર કરે તો કાઢી નાખવાની!”
પત્નીની સૂજ પર પતિ હસ્યો. તેનું વર્તન થોડુંક વિચિત્ર પણ લાગ્યું. તેણે મોજડી પહેરી જોઈ અને મોજડી તેને બહુ જ ગમી!
“વાહ, શું મસ્ત મોજડી છે. બૂટ કરતાં તો અનેકગણી સારી!”
“નહોતી કહેતી હું? તને ગમશે જ એવી મને આશા હતી.”
બંને જણ ખુશ થયા અને રસોડામાં ભોજન લેવા માટે ચાલ્યા ગયા. બીજા દિવસે ભાઈ ઓફિસમાં મોજડી પહેરીને ગયા. સ્ટાફમાં બધાએ મોજડીનાં વખાણ કર્યા. તેનું નકશીકામ દરેકને ગમ્યું. કોઈએ ટકોર ન કરી જેથી ભાઈને પણ થયું કે મોજડી પહેરી લાવવામાં કોઈ નુકશાન નથી.
એક દિવસે ઓવરટાઇમ કરવાનો થયો. ઓફિસમાં ઘણું કામ બાકી હતું.
“હું થોડો મોડો આવીશ. આજે કામ વધારે છે.”
@snehnusarnamu
“કોઈ વાંધો નહિ. હું તારી રાહ જોઈશ અને જમવાનું પણ બનાવી રાખીશ.”
પત્નીનો ફોન કટ થતાં જ ભાઈ પોતાના કામમાં વ્યસ્ત થયા. તેના સ્ટાફમાં સુંદર દેખાતી રીટા હતી જે પણ એ સાંજે કામ પતાવવા રોકાયેલી હતી. આખી ઓફિસમાં બોસ, તે ભાઈ સ્નેહલ અને રીટા હતાં.
“સ્નેહલ, આ ફાઈલ મને પતાવી આપ. પછી તારે જવું હોય તો ઘરે જજે અને હા, આ રીટાને પણ સાથે લેતો જજે.”
“સારું સાહેબ.” સ્નેહલે બોસની વાતમાં હકાર ભર્યો. એ સાથે જ ફાઈલના ઢગલામાં પોતાનું માથું નાખીને ફરી વ્યસ્ત બની ગયો. રીટા પણ પોતાનું કામ કરે જતી હતી. દસેક વાગ્યા હશે. પેટમાં ભૂખ બૂમ પાડી રહી હતી. ઓફિસનો બોય પણ નહોતો કે ચા જેવું કશુંક પીવડાવે. કામ પતવા આવ્યું હતું. બહારથી મંદ મંદ પવનની લહેરો આનંદ આપી રહી હતી.
એટલામાં સ્નેહલની આંખમાં કશુંક ગયું અને તે દર્દ સાથે ખુરશીમાંથી ઊભો થઇ ગયો. આંખો ચોળતો તે ઊભો રહ્યો અને બારી સામે જોવા લાગ્યો. પવન આવે તે માટે જે બારી ખુલ્લી રાખેલી તેમાંથી જીવડું ઉડીને આવ્યું હતું અને સ્નેહલની આંખમાં આશરો મેળવવા હોમાઇ ગયું હતું. તેની સાઈઝ થોડીક મોટી હોવાથી સ્નેહલની આંખમાં પથરાની જેમ ખૂંચી રહ્યું હતું.
“શું થયું સ્નેહલ?” કહીને રીટા દોડી અને સ્નેહલની લગોલગ આવીને ઊભી થઇ

ગઈ. બંને એકબીજાને સારા મિત્રો માનતા હતા અને તેઓએ છ વર્ષની નોકરી દરમિયાન ક્યારેય મનમાં અવળો ભાવ આવવા દીધો નહોતો. સ્નેહલનો તેની પત્ની માટે અને રીટાનો તેના પતિ માટેનો ગાઢ પ્રેમ જ તે માટે જવાબદાર હતો!
“કંઈ નહી, આ જીવડું...” કહીને સ્નેહલે સિસકારો ભર્યો.
“જોવા દે જો મને. આંખ ન મસળ.” રીટા આગળ વધી અને સ્નેહલની આંખોમાં પોતાના હાથથી જીવડું શોધવા લાગી. જયારે તે જીવડું દેખાયું ત્યારે પોતાની સાડીના પાલવને છેડે ફૂંક મારીને તેણે સ્નેહલની આંખ સાફ કરી અને તે જીવડું સિફતથી દૂર કરી આપ્યું. સ્નેહલ પણ આભારના ભાવથી રીટાને જોઈ રહ્યો. બંને એકબીજાના ઘણા નજીક આવી ગયા હતા જેથી રીટાનો શ્વાસ સ્નેહલને અડતો હતો. એ સાથે જ સ્નેહલના મનમાં રોમાંચની લહેર દોડી ગઈ. તેને તેની પત્ની યાદ આવી ગઈ.
“સારું રીટા આપણે બે એક મિનીટમાં નીકળીએ.” કહીને સ્નેહલ વળી પાછો કામે વળગ્યો. રીટાએ પોતાની બેગ પેક કરી અને સ્નેહલની રાહ જોવા લાગી. થોડીક મિનીટ બાદ જ બંનેએ ફાઈલો બોસને જમા કરાવી અને કામ પૂરું કર્યાનું કહીને નીકળી ગયા. સ્નેહલે રીટાને તેના ઘર આગળ ડ્રોપ કરી અને લગભગ અગિયાર વાગ્યાના સૂમારે પોતાના ઘરે પહોંચી ગયો. તેની પત્ની તેની કાગડોળે વાટ જોઈ રહી હતી.
બંનેએ સાથે ભોજન લીધું અને પછી સ્નેહલ સુઈ ગયો. થાકને કારણે તે ઘસઘસાટ ઊંઘી ગયો પણ તેની પત્ની જાગતી હતી. એવું તે શું કામ હતું?
@snehnusarnamu
તેણે બહાર પગથિયામાં પડેલી સ્નેહલની મોજડી લીધી અને ચાકુ વડે તેના ઉપરથી કશુંક આંખ જેવું ખોતરીને કાઢ્યું. તે બીજું કંઈ નહી પણ એક કેમેરો હતો!
તે મોજડી જાસૂસીની મોજડી હતી!
જયારે તેણે તે કેમેરાના દ્રશ્યો કોમ્પ્યુટરમાં ડાઉનલોડ કરીને જોયાં ત્યારે તે છક થઈ ગઈ. રીટાડી... કહીને તે ધૂંવાપૂંવા થઈ ગઈ!
સવાર સુધી તે જાગતી રાહ જોતી હતી. બે એક વાર તો તેને મન થઈ આવ્યું કે સ્નેહલને પાટું મારીને જગાડે!
અને સવારે જયારે સ્નેહલ જાગ્યો ત્યારે બંને વચ્ચે મોટો ઝઘડો થયો. સ્નેહલના કાળજામાં અસહ્ય પીડા ઉપડી. આટલા વર્ષ બાદ પણ તેની પત્ની તેની જાસૂસી કરી રહી હતી? સ્નેહલને અપરાધી ઠરાવીને તે નિર્દયી ચાલી ગઈ. કશુંય જાણ્યા વગર તેણે મહિનામાં તો સ્નેહલને છુટાછેડા આપી દીધા! સ્નેહલે આ બધી વાતની સ્ટાફમાં રીટાને ભનક પણ ન આવવા દીધી. તે નહોતો ઈચ્છતો કે પોતાના લીધે તેની સારી મિત્રનું જીવન બરબાદ થાય.
તેની કલમ લખી રહી હતી...
આ દુનિયા પણ નઠારી છે મિત્રો, તમને સિંગલ કે એકલા ભાળીને તમારી સાથે કોઈકનું નામ ચડાવી લેવા ઉતાવળી! એ માટે તે તમારી જાસૂસી કરશે, તમને

રોજેરોજ યાદ દેવડાવશે કે તમારે સીધા નહી વાંકા થવાનું છે! પેલી મોજડીની આગળની દાંડીની જેમ જ!

નિસાસા નાખતો સ્નેહલ વધુ નોકરી ન કરી શક્યો. રાજીનામું આપીને કોઈક એકાંતમાં ચાલ્યો ગયો, કોઈક અવાવરું ટાપું પર જ્યાંના લોકો કોઈ કહેતાં કોઈની જાસૂસી નહોતા કરતાં. તે જગ્યાએ તેણે પોતાના નવા જીવનની શરૂઆત કરી અને ખુબ સફળ થયો કેમ કે ત્યાંના લોકો વિશ્વાસની મોજડીઓ પહેરતાં હતાં.

@snehnusarnamu

વાર્તા ત્રણ
દેશ મતલબ

@snehnusarnamu

પાંચમી ક્લાસમાં ભણતો સાગર પોતાના મિત્રોથી ઘણો આગળ હતો. દેશ અને દુનિયાની ઘણી ખબર તેને રહેતી. સમાચાર કહો કે સંદર્ભ, તેની પારખી નજરથી કશુંય છટકતું નહી. એથીયે વિશેષ શીખવાની ઉંમરે નવું સર્જન તે કરી રહ્યો હતો. તેના હાથોમાં જાદુ હતું. તે જે સાધનને અડતો તે મૃત હોય તોય જીવતું થઇ જતું. સૌ તેને રિડીમરના નામે ઓળખતા, સાગર ધ રિડીમર!

જ્ઞાન અને કદ-કાઠીમાં તે વધતો ગયો અને વીસેક વર્ષનો થયો. એક દિવસે સંશોધન કરતાં કરતાં તેના હાથમાં અનોખું તત્વ લાગ્યું. તેના ગુણધર્મો અજાયબ હતા. અંધારામાં તે ચમકતું અને પ્રકાશમાં તે અદ્રશ્ય બની જતું! તેને હાથમાં લેતાં જ લાગણીઓ ફેરવાઈ જતી. વિચારોની દિશા ફેરવાઈ જતી. ગમે તેવા અશુદ્ધ વિચારો પણ તે તત્વની તાકાત આગળ ટકી શકતા નહોતા. તેની પાસે બળાત્કારી પુરુષોને લાવવામાં આવ્યા. તેઓની અશુદ્ધ લાગણીઓને પળવારમાં સાગરે પેલા પથ્થરની મદદથી શુદ્ધ બનાવી મૂકી. તેઓ તેની પાસે ઘૂંટણીયે પડીને રડવા લાગ્યા. સાગર ધ રિડીમર છવાઈ ગયો! દેશ અને દુનિયામાં તેનું નામ થઇ ગયું. કેટલાય બળાત્કારીઓના મન તેણે પેલા તત્વની મદદથી હંમેશને માટે બદલી નાખ્યા. મહિલાઓમાં સાગરભાઈનું નામ ચોરે ચૌટે ગવાયું. લગ્નના માંગા લઈને આવનારાઓની લાઈનો લાગવા માંડી! દેશમાં બળાત્કારનો દર લગભગ શૂન્યની આરે પહોંચી ગયો! આદર્શ કલ્પના જેવો લાગતો સમાજ ઘડાવા લાગ્યો હતો. સાગર એ બધાથી ખુબ જ ખુશ હતો કેમ કે તેના માટે મહિલાની ઈજ્જત અને જીંદગી સૌથી મહત્વની હતી, બળાત્કારીનું કારણ નહી!

@snehnusarnamu

એક દિવસે તે તત્વ ચોરાઇ ગયું! સાગરે પોતાના હાથે તેને તિજોરીમાં લોક કરીને મુક્યું હતું પણ તે જયારે સવારે ઊઠ્યો ત્યારે તે ત્યાં નહોતું. તાળું તૂટેલું હતું અને ઘરનો દરવાજો પણ. સાગર સીધો જ પોલીસ સ્ટેશન નાઠો અને જઈને ચોરીની ફરીયાદ નોંધાવી. પોલીસે હૈયા ધારણા આપી તે બાદ સાગર ઘરે આવ્યો. બેશકિંમતી વસ્તુ ખોવાઈ જવાનો વસવસો તેના મનમાં હતો. એવું તે કોના કામનું હતું તે તત્વ કે તેને ચોરવું પડેલું? ચોર કોઈ શુભચિંતક તો નહોતો જ.

તે વાતને પાંચ વર્ષ વીતી ગયાં. સાગરના સપનાનો દેશ ફરી પાછો બદલાઈ ગયો હતો. બળાત્કાર રોજની બાબત બની ગઈ હતી. સાગર ધ રિડીમરની તાકાત છીનવી લેવામાં આવી હતી. તેની અસર તેના દિમાગ પર પણ થઈ અને તે સાધનોનું રીપેરીંગ પણ ભૂલવા લાગ્યો. તેણે કમાયેલી બહેનો પણ તેનો સાથ છોડી રહી હતી. તે સ્ત્રીઓને સ્વાર્થી તો ન જ કહી શકાય કેમ કે કેટલાયે યુગો પછી તેઓને પોતાનો મસીહા મળ્યો હતો જે હવે અશક્ત પડ્યો હતો! ધીરે ધીરે દેશ મતલબ બળાત્કાર જેવો માહોલ બનતો જઈ રહ્યો હતો...

સાગર બિમાર પડ્યો. ગંભીર રીતે ખાંસતો. ઘણીવાર ઉલ્ટીઓ કરતો. ખાટલામાં આખો દિવસ પડ્યો રહેતો. જાણે પેલા તત્વની સાથે તેના જીવવાનો હેતુ પણ

ચોરાઈ ગયો હતો! પરણ્યો નહોતો એ સારું થયું કેમ કે તેની પત્નીએ ઘણું સહેવું પડ્યું હોત.
અચાનક એક દિવસ તેનો મિત્ર દોડતો દોડતો તેની પાસે આવ્યો. તેના હાથોમાં પેલું તત્વ હતું. સાગર ખુશીના માર્યા ખાટલામાંથી ઊભો થઈને બેસી ગયો. તેની આંખોમાં આંસુ આવી ગયાં. જાણે ખુશીઓના પહાડની ચોટીએ સીધો જ તે જઈ ચડ્યો હતો.
“આ કેવી રીતે હાથ લાગ્યું તારા?” સાગરે પોતાના મિત્રને પૂછ્યું.
“ન પૂછ દોસ્ત. ઘણી જહેમત ઉઠાવી પડી તારા આ રિડીમર માટે.”
“પણ કહે તો ખરો, કોણે ચોર્યું હતું?”
“એ જ કહેવાતા ગુરૂ, સોસાયટીના છેવાડે આવેલ આશ્રમવાળા, વિદેશી શિષ્યાઓ રાખનારા, પ્રસિદ્ધ ગુરૂજીએ!”
“શું વાત કરે છે! ન હોય.”
“શું ન હોય. અંધકારનો પોતાનો સમય હોય છે અને આવા લોકોનો સમય છીનવી લેનારને તો તેઓ ગોળીએ દે છે તો પછી તારૂ આ તત્વ શી વિસાતમાં?”
“ખરેખર, શું તે ગુરૂજીએ તત્વને સ્પર્શ કર્યો નહોતો?”
“ના, પૈસાને પણ શિષ્યો જોડે સ્પર્શ કરાવવાનો ઢોંગ રચનારા આવા ગુરૂઓ તે તત્વને સ્પર્શી સુધરી જવા માંગતા નથી હોતા.”
@snehnusarnamu
“તો પછી તેઓમાં પસ્તાવો કેવી રીતે ઉપજે?”
“મારૂ માન તો સાગર આ બધું રહેવા દે. લોકોને સુધરવું જ નથી!”
સાગર વિચારમાં પડ્યો. જે દેશની તેણે કલ્પના કરી હતી ત્યાંનું મૂલ્ય શિક્ષણ ખાડે ગયું હતું. શું તેના આગેવાનો જવાબદાર હતા? શું તેઓનો ધર્મ જવાબદાર હતો? શું કોઈ તત્વ માણસની લાલસાઓને હંમેશ માટે બદલી શકતું હતું? કે ખરૂ શિક્ષણ?
સાગરે તે તત્વ લીધું અને પોતાના ઘરની જમીનમાં દફન કરી દીધું. તેનો મિત્ર તેની સામે અવાચક થઈને ઊભો રહ્યો.
“સાગર શું તું ડરી ગયો? દેશનો મતલબ જે તે જાણ્યો હતો તેને તો તું દફન નથી કરી રહ્યો ને?”
“ના દોસ્ત. મને બરોબર ખબર છે એ મતલબની. મારો દેશ એવો દેશ બનશે જેનો મેં વિચાર કર્યો હતો! એકલદોકલ અંધારીયા માટીના ટેફાં આવી જવાથી પવિત્રતાના પાણીનું અવિરત ઝરણું સદાને માટે ડહોળું બની જતું નથી!”
“સાચું કહે છે દોસ્ત પણ તે ઝરણાને વહાવવું કેવી રીતે?”
“સાચા શિક્ષણથી...”
એ બાદ બે વર્ષ નીકળી ગયા. દુનિયામાં ઘણી ઉથલપાથલ મચી ગઈ હતી. જૂઠા શિક્ષણે લોકોની આંખોને લાલસાની આગથી ઠારી દીધી હતી. તેઓએ જેટલું જોર અજમાવવાનું હતું તે અજમાવી લીધેલું. તેઓનો સમય પૂરો થવાની આરે હતો.

અને સાગર નીકળી પડ્યો. આ વખતે તેણે તત્વનો સહારો ન લીધો. તેણે શિક્ષણનો સહારો લીધો. આવનારી પેઢીને સ્ત્રીઓની ઈજ્જત કરતા શીખવવાની નેમ લીધી. પોતાની લીટી તે મોટી કરતો ગયો. ચોક્કસ પડકારો આવતા ગયા અને પરાજયો પણ. લોકોના હૃદયમાં સ્થાન પામીને જયારે તે છેવટે પેલા જૂઠાઓના હાથે ગોળીએ દેવાયો ત્યારે તેના મોઢામાં હાસ્ય હતું!
સાગર ધ રિડીમર શહીદ થયો...
તેણે દેશનો મતલબ જાણી લીધેલો!
નવી પેઢીનો નવો દેશ અને નવો સૂરજ ઉગ્યો જ્યાં બળાત્કારનો દર શૂન્યએ પહોંચી ગયો હતો!

@snehnusarnamu

વાર્તા ચાર
મગજમારી

@snehnusarnamu

“તમે ક્યારેય આવી રીતે વિચાર્યું છે?”
“ભાઈ કહો તો ખબર પડશે ને!”
મોટીવેશન ગુરૂના ક્લાસમાં વિદ્યાર્થીઓ એકસાથે બોલી ઊઠ્યા. આજે વિશેષ કાર્યક્રમ ચાલતો હતો જ્યાં ગુરૂ કંઈક નવા જ વિચારો લઈને આવેલા.
“સોશિયલ મીડિયા પર તમે જે માનસિક શ્રમ કરો છો તે કેટલો જટિલ બની ચુક્યો છે તમને ખબર છે?”
“એટલે, તમે કહેવા શું માંગો છો?”
“વેલ, તમે મારી સાથે વાત કરો છો ત્યારે તમે એક જ મગજ સાથે સંપર્કમાં છો. ખરું ને?”
“હા, અલબત્ત.”
“હવે સોશિયલ મીડિયામાં ફરતી પોસ્ટને લો. એક પોસ્ટ, એક મગજ. એ રીતે જયારે તમે ઘણી બધી પોસ્ટ, ઘણા બધા એકધારા મેસેજ અને ઘણા બધા મિત્રોની સાથે સંપર્કમાં હોવ, તેઓની પોસ્ટ લાઈક કરો, શેર કરો, કમેન્ટ કરો, આ બધો જ માનસિક શ્રમ શું તમે ક્યારેય ગણતરીમાં લીધો છે?”
સૌ ગુરૂના વિચિત્ર વિચારોથી અવાચક બની ગયા. આ રીતે તો કોઈ દિવસ તેઓએ વિચાર્યું નહોતું.
“પહેલાં લોકો શાંત બેસતા. ગામના ઓટલે પોતાના સુખ દુઃખની વાતો કરતા. દેશ અને દુનિયામાં જે પણ થતું એ એટલું વાયરલ નહોતું બનતું. આજકાલ તો એક દિવસ એવો નથી જતો જેમાં કશુંક વિચિત્ર વાયરલ ન થયું હોય અને પછી એની જ મગજમારી. આખો દિવસ એની જ વ્યર્થ ચર્ચાઓ! શા માટે આ બધો માનસિક શ્રમ? શું મળશે આખરે?”
“અમે તો આનંદ, મજા માટે જ વાપરીએ છીએ સર.”
“એ ખરૂં, એની ક્યાં ના છે, પણ વિચારો કે તમે જાણે અજાણે કેટલો માનસિક શ્રમ કરી રહ્યા છો! તમારા મગજને તમે માહિતીની વિસ્ફોટક સામગ્રીથી ભરી રહ્યા છો જે એક સમયે વિસ્ફોટ થઈને બહાર નીકળે છે!”
“આની આડઅસરો શી?”
“ચીડિયાપણું, સાચી આત્મીયતાનો નાશ, જીવનમાં જોખમનો વધારો. પ્રાયવસીનો ખાત્મો, માનસિક થાક, સમયનો બગાડ, આળસ, ખોટી આદતો, કેટલીકવાર શારીરિક નુકશાનો પણ થાય ખરા.”
“પણ જો તેને હકારાત્મક લેવામાં આવે તો ઘણા ફાયદાઓ પણ છે.”
“હા છે, પણ મોટાભાગના યુવાનો જેઓ બેરોજગાર હોય છે તેઓ આ વમળમાં એટલા ઊંડા ઊતરી જાય છે કે તેનો ખરો ઉપયોગ કરી શકતા નથી. એવું નથી કે સોશિયલ મીડિયા કેવળ નુકશાન જ કરે છે. જો તમે તમારા ફોલોવર્સ બનાવીને તેનો સાચો ઉપયોગ કરો તો તમે જીવનમાં ઘણું બધું કરી શકો છો પરંતુ સમય પસાર

@snehnusarnamu

કરવા માટે તેનો ઉપયોગ એક પ્રકારની મગજમારી જ છે. એના કરતાં તો છાપામાં ક્રોસવર્ડ ભરવું સારું!”

એ સાથે જ તાળીઓનો ગળગળાટ થયો. સેમીનારમાં આવેલા બધા જ તૃપ્ત થઈને પાછાં ફર્યા. તેઓના મન અહોભાવથી ભરાઈ ગયા. ગુરૂએ આપેલું જ્ઞાન તેઓએ મગજમાં સંઘર્યું અને કેટલાકે તો પોતાનો ફોન વિરામમાં મૂકી દીધો. એમાંના કેટલાક તો ઘણા લાંબા સમય પછી ફોન ઘરે મુકીને બહાર ફરવા નીકળ્યા અને જીવન જાણે ફરી મળ્યું હોય તેમ આનંદિત થઈને પાછાં આવ્યા.

આ બાજુ મોટીવેશનલ ગુરૂ પોતાની ઓફીસ બંદ કરીને ઘરે ગયા. પત્નીએ સરસ જમવાનું બનાવેલું તે ખાધું ન ખાધું અને પોતાના આગળના પ્રોજેક્ટ માટે સોશિયલ મીડિયા ખોલીને બેઠા. કેટલાક ફોલોવર્સની કમેન્ટસને રીપ્લાય આપ્યો તો કેટલાક સાથે ચેટ કરીને લગભગ અડધોએક કલાક વિતાવ્યો. તેથી વધારે સમય વેડફવો એટલે ઊંઘ ઓછી કરવી જે તેમના પોતાના જ ઉપદેશ પ્રમાણે સારી વાત નહોતી. એટલે લેપટોપ ઓફ કરીને સુવાની તૈયારી કરી. ત્યાં જ મોબાઈલમાં નોટીફીકેશન રણકયું! કોઈકનો મેસેજ આવ્યો હતો. તેમણે પ્રોફાઈલ જોઈ અને જોતાં જ રહી ગયા. એ નાજુક સોહામણો ચહેરો! એવું નહોતું કે તેમની સ્ત્રી ફોલોવર્સ નહોતી પણ આ તો કોઈક અલગ જ હતી! આકર્ષણનો ભરમાર હતી! તેની સાથે ચેટ કરવી જોઈએ એવું મન કહેવા લાગ્યું પણ સાથે સિદ્ધાંતોનું બળ પાછું ખેંચવા લાગ્યું. તેમણે થોડીક ચેટ કરીને મૂકી દઈશ એવું મન મનાવી લીધું અને ચેટ કરવા બેઠા...

@snehnusarnamu

એ વાતને અઠવાડિયું વીતી ગયું. મોટીવેશનલ ગુરૂ ઘણા બદલાઈ ગયા હતા. તેઓ સોશિયલ મીડિયા પર ખુબ જ વ્યસ્ત રહેતા હતા. તેમના ફોલોવર્સ ધીમેધીમે ઓછા થઈ રહ્યા હતા. તેઓનું પ્રોફેશન પણ ખતરામાં આવી ગયું હતું. કેમ એ બધું થયું? પેલી ચેટના લીધે!

જ્ઞાનનો ભંડાર ગણાતો માણસ આવી નાહકની મગજમારીમાં શા માટે ફસાયો હતો? શું ખરેખર તેને જ્ઞાની ગણવો?

જમ્યા? ખાધું કે નહિ, ટેક કેર, સ્વીટુ, દીકું, જાનું અને પછી ડાર્લિંગ. શબ્દોની મજા વધતી જ ગઈ અને નકારાત્મક મોટીવેશન મળતું જ ગયું! સામેવાળી વ્યક્તિને તો આ રોજનું હતું. કેટલાય સાથે ચેટ કરી તેઓને ફસાવવું તેના ડાબા હાથની વાત હતી. મોટીવેશનલ ગુરૂની ચેટીંગ સ્પીડ વધતી ગઈ અને તેમની જવાબદારીની સ્પીડ ઘટતી ગઈ. એટલે સુધી કે તેમણે ઘરે જ રહેવાનું નક્કી કરી લીધું અને આખો દિવસ મોબાઈલમાં વ્યસ્ત રહેવા લાગ્યા. પત્ની પૂછતી તો કહી દેતા કે હવેથી તેઓ મોબાઈલ પર જ કામ નીપટાવી લે છે. પત્ની બિચારી તેમના જેટલી જ્ઞાની નહોતી! ચોક્કસથી તેનો પતિ તેનું મોટીવેશન હતો પરંતુ તે વિશ્વાસથી ચાલતી.

ધીરેધીરે ભાઈનું મોટીવેશન બદલાઈ ગયું. યુવાનોને તે ભટકાવવા લાગ્યા. ચેટીંગ જેવી વ્યર્થતાઓ અને સેટિંગ સુધી લઈ જનાર કોઈક લવ-ગુરૂમાં તેઓ ફેરવાઈ

ગયા! એકવાર એક યુવાન તેમના જૂઠા ઉપદેશોથી તંગ આવી ગયો અને જાહેરમાં તેમને ખખડાવીને ચાલ્યો ગયો.
“સર, તમે જે કહો છો તે બધું તદ્દન ખોટું છે. અમે કેટલી આશાઓ લઈને આવીએ છીએ તમારા જેવા લોકો પાસે અને અમને બદલામાં શું મળે છે, મગજમારી?”
એક નાનકડી ચેટથી શરૂ થયેલી તેમની નાની મગજમારીએ વિકરાળ સ્વરૂપ લઈ લીધું હતું. તેમનો ઘરસંસાર ટૂંક સમયમાં તૂટી ગયો અને જે મગજમારી સાથે તેઓ ચેટીંગ કરતા હતા તે પણ ટૂંક સમયમાં ઓનલાઈન ગાયબ થઈ ગઈ! કદાચ તેણે બીજે ક્યાંક પોતાની મગજમારી સ્વીકારી લીધી હશે.
મોટીવેશનલ ગુરૂ બિમારીની પથારીએ પડ્યા હતા. પોતાના ભૂતકાળના જ્ઞાનનો ઉપયોગ કરીને પત્નીને મનાવી તો લીધી હતી પણ પહેલાં જેવો સંબંધ હવે રહ્યો નહોતો. જો કે ધીરેધીરે બધું સારું થવા લાગેલું કેમ કે તેમણે સોશિયલ મીડિયા પરથી લાંબો બ્રેક લઈ લીધેલો. હવે તેઓ સંબંધો સુધારવાની મગજમારીમાં પડેલા હતા!

@snehnusarnamu

વાર્તા પાંચ
ભવિષ્યવાણી

@snehnusarnamu

“લગ્ન પહેલાં તમે મને કેટલો પ્રેમ કરતા હતા! મારી બધી જ જરૂરતોનું ધ્યાન રાખતા અને લગ્ન પછી તો તમે સાવ બદલાઈ જ ગયા!”
“જો માનસી, લગ્ન પછી ઘણી જવાબદારીઓ આવી જતી હોય છે. જીવનમાં સમાધાન કરીને ચાલવું પડે, નહી તો ઘણું છે વિચારવા જેવું તો...”
“સગાઈ કરી ત્યારના દિવસો, એ પહેલાંનો પ્રેમ તો જરી યાદ કરી જુઓ. અત્યારે તો તમે વાતવાતમાં ગુસ્સે થાવ છો. ત્યારે તો તમે અને હું એક જ થાળીમાં જમતાં!”
“હશે, ઘણું હશે ઘરબાયેલું પણ અત્યારે હું નોકરીમાં વ્યસ્ત છું અને આપણા બાળકના ભવિષ્યનો પણ વિચાર કરવાનો છે.”
“એનું ભવિષ્ય તો મહારાજે કીધું જ છે કે એ ઘણું કમાશે.”
“હા, હશે. એ મહારાજની ઘણી વાતો આપણા વિશે પણ સાચી પડી હતી પણ કશું કર્યા વગર કેવળ ભવિષ્યવાણી પર જ વિશ્વાસ રાખીને બેસી રહેવું?”
“હું એવું નથી કહેતી પણ તમે નાહકની ચિંતા ન કરો અને આમ રઘવાયા થઈને ન ફરો...”
“ઓફીસમાં બધા જ લોકો પાર્ટટાઈમ ધંધો પણ ખોલીને બેઠા છે જેથી પોતાના બાળકોનું ભવિષ્ય સિક્યોર કરી શકે. તેઓ કરતાં તો હું ઘણો પાછળ છું.”
“હશે, પણ મનની શાંતિ પણ જરૂરી છે જીવનમાં. તમે છો તો અમારા માટે બધું જ છે!”
@snehnusarnamu
એ સાથે જ માનસી અને દીપક એકબીજામાં ખોવાઈ ગયા. ઘણા સમય પછી તેઓએ લાંબો વાર્તાલાપ કર્યો. એ બાદ માનસીએ જૂની વાતો એક પછી એક ઉઘાડી અને દીપકને પ્રેમથી તરબોળ કરી દીધો. દીપક પણ પહેલાંનો પ્રેમ યાદ કરીને ઘણો જ ઉત્સાહિત બન્યો.
સવાર પડી. સૂરજના તેજ કિરણોએ બંનેને જગાડી દીધા. આજે રજા હોવાથી છોકરાને તૈયાર કરવાનો નહોતો અને ખાવાનું પણ બહારથી મંગાવી ખાવાનો વિચાર હતો. રજાનો દિવસ સુસ્તીનો દિવસ ગણાતો, થાક ઉતારવાનો દિવસ. દીપકે છાપું લીધું અને આરામથી વાંચવા બેઠો. છાપામાં રહેલી જાહેરાત એક પછી એક વાંચતો ગયો અને ત્યાં જ તેની નજર એક ટૂંકી જાહેરાત પર પડી. કોઈક ભવિષ્ય જોનારનો સંપર્ક આપેલો હતો એમાં. દીપકને તેના દાવાઓમાં રસ પડ્યો. પહેલેથી જ એક સિદ્ધ મહારાજે કહેલી વાતોમાં તેને વિશ્વાસ બેઠેલો જેથી આ ભાઈને પણ આજમાવી લેવા એવું મનોમન વિચારી તે ઘરેથી નીકળી પડ્યો. રસ્તામાં પેટ્રોલ નખાવ્યું. રૂપિયા સો નું પેટ્રોલ પુરાવ્યું અને સરનામાવાળી વાડીએ જઈ પહોંચ્યો...
તે વાડીની આગળ મોટો કૂતરો બાંધેલો હતો પણ તે બધાને ભસતો નહોતો. ગ્રાહકો પર તો જરાય નહી!
દીપક તે ભવિષ્યવાણી કરનારના ઘરમાં શાંતિથી પ્રવેશ્યો. માનસીને કશું જણાવેલું નહોતું. તે ખાલી એ ભાઈનો દાવો ચેક કરવા નીકળ્યો હતો.

“આવો દીપકભાઈ, સો નું પેટ્રોલ નંખાવીને આવ્યા છો. વાંધો નહિ, મારી ફી માંથી કાપી લેજો!” એમ કહેતાંક એ ભાઈ ખડખડાટ હસ્યો. દીપક તો અવાચક બનીને જોઈ જ રહ્યો અને તે બાપજીના પગે પડ્યો. થોડીક ફોર્મલ વાતો થઈ અને પછી દીપકે પોતાની મુખ્ય ચિંતા જણાવી. પોતાના દીકરાના ભવિષ્ય વિશે પૂછ્યું.
“કેટલું ભણ્યો છે તમારો દીકરો?”
“હમણાં જ બારમું પાસ કર્યું.”
“તો તો ચોક્કસ ઘણી આશાઓ હશે તમારે તેના તરફથી.”
“હા, જુઓને બાપજી. મારી ઈચ્છા છે કે તે સારો ઈજનેર બની જાય.”
“ચાલો હું તમને કહી દઉં કે તે એમ જ થાય તો શું તમે તેના આકાશને બાંધી નહી દો?”
“તમે કહેવા શું માંગો છો મહારાજ?”
“જુઓ, તમારા દીકરામાં જેટલી ક્ષમતા છે તેને જાણવી અને તે પ્રમાણે તેનો ઉપયોગ કરીને તેનું ભવિષ્ય બનાવવું. હું તમને તેનું ભવિષ્ય કહી દઉં તો તમે તે પ્રમાણે જ તેનું ભવિષ્ય બનાવશો.”
“વાત તો સમજાય છે પણ શું તમે ભવિષ્ય જોઈ શકતા નથી?”
“મારે તમને ઉદાહરણ આપીને સમજાવવા પડશે. ચાલો આપું. તમે અહીં જે સો નું પેટ્રોલ પુરાવ્યું તે ભવિષ્ય આપણે માની લઈકે નિર્ધારીત હતું, ખરું ને?”
@snehnusarnamu
“હા, એટલે જ તો તમે પહેલેથી તે જોઈ શક્યા.”
“ના, ખરેખર તો એ તમારો ભૂતકાળ થઈ ચુક્યું હતું અને તમે અહીં પ્રવેશ્યા એ બાદ જ તે હું જોઈ શક્યો.”
“તમે કહેવા શું માંગો છો એ હજી મને સ્પષ્ટ થયું નથી.”
“જુઓ દીપકજી. તમારી મનની વાતોને હું તમારા વાઈબ્રેશન્સથી પકડી શકતો હોઉં પરંતુ તમારૂં ભવિષ્ય તો તમારા હાલના નિર્ણયો જ નિર્ધારીત કરે છે. કોઈક કોમ્પ્યુટર અલગોરિધમની જેમ. જો અને તો ની જેમ...”
“હં... એટલે મારા કૃત્યો પ્રમાણે.”
“તદ્દન સાચું. મોટાભાગના લોકો ભવિષ્ય જાણી લઈને પોતાનું જીવન સીમિત કરી લે છે પણ તેઓમાં રહેલી અસીમિત ક્ષમતાઓ આગળ વિકસી જ નથી શકતી.”
“પણ કેટલીયેવાર અમારા જીવનમાં ભવિષ્યવાણીઓ સાચી પડી છે.”
“ભવિષ્યવાણી ખરેખર શું છે તે તમે જાણો છો? શું તમે એ પણ જાણો છો કે હું તમારા મનથી ઊભું કરેલ મૃગજળ છું? એવો ફીડબેક છું જે તમારી ગતિને ધીમી કરી દે છે? એવો નિયમ છું જે તમને ભવિષ્યવાણી પ્રમાણે જ જીવાડે છે? શું તમે ભવિષ્યવાણીનો નિયમ તોડવાનો કદી પ્રયાસ કર્યો છે?”
દીપક ફટોફટ બહાર નીકળી ગયો. તેને લાગ્યું કે કોઈક ચક્રમ તેને ભટકાયો હતો. તે વાતને મહિનો વીતી ગયો. એક દિવસે તેનો મિત્ર તેને ભટકાયો.

“દીપક, તને યાદ છે પેલો દિવસ જયારે આપણે પેટ્રોલ પંપ પર મળ્યા હતા, છવ્વીસ તારીખે?”
“હા કેમ યાદ ન હોય. એ દિવસે તો હું એક ચક્રમને મળ્યો હતો.”
“અરે ગાંડા, તેં એ દિવસે સો નું પેટ્રોલ પુરાવીને બહુ મોટી ભૂલ કરી.”
“કેમ?”
“બસોના પેટ્રોલ પુરાવા પર જે કૂપન તને મળવાની હતી તે પાછળ ઊભેલા મને મળી કેમ કે મેં બસોનું પેટ્રોલ પુરાવેલું!”
“શું વાત કરે છે? તો શું તે કૂપનનું ઈનામ તને લાગ્યું? એમાં તો પચાસ લાખનું પહેલું ઈનામ હતું!”
દીપકનો દોસ્ત કંઈ ન બોલ્યો. એના ગયા બાદ દીપકને સમાચાર મળ્યા કે તેને પહેલું ઈનામ લાગ્યું હતું. દીપક પોતાના દીકરાના ફોટાને જોઈ રહ્યો. તેના ભવિષ્ય વિશે વિચાર કરવા લાગ્યો કેમ કે દીકરાને વિદેશ અભ્યાસ કરાવવા જરૂરી રૂપિયા તેની પાસે નહોતા. દેશમાં જ અભ્યાસ કરીને તેનું ભવિષ્ય સીમિત બની રહેવાનું હતું! દીકરાના મિસ કરેલ ગ્લોબલ ભવિષ્ય પર તે નિસાસા નાખવા લાગ્યો.
એવું જ અવળું માનસી સાથેના ભવિષ્યમાં થયું હતું કેમ કે તે પોતાનો પ્રથમનો પ્રેમ વર્તમાનમાં બરોબર નિભાવી શકતો નહોતો...
દીપકે પેલા બાપજીનું વાક્ય ક્યાંક લખેલું વાચ્યું,
“ભવિષ્ય ફળ છે, વર્તમાન ખેતી અને ભૂતકાળ દર્પણ.”

@snehnusarnamu

વાર્તા છ

સ્વતંત્રતા

@snehnusarnamu

તેજસ્વીની તેના નામ પ્રમાણે ગુણ ધરાવતી હતી. તેના ચહેરાનું તેજ અને લાવણ્ય જોઈને ભલભલાનાં મન પીગળી જતાં. જુવાની ફૂટીને આડી ફાટે તે પહેલાં તેના બાપે તેનું વેવિશાળ તેનાથી થોડીક મોટી ઉંમરના વ્યક્તિ સાથે કરાવી દીધું. બંને સુખથી રહેવા લાગ્યા. તે વ્યક્તિનું નામ હતું મનસુખ. તે પણ નામ પ્રમાણે મનનું સુખ આપતો. તેણે તેજસ્વીનીને પુરેપુરી સ્વતંત્રતા આપેલી હતી. તેના મોબાઈલને તે કદી ચકાસતો નહોતો. તેના પશ્ચિમી પહેરવેશ પર તે કદી ટીપ્પણી ન કરતો. છોકરાઓ જોડે તેના હસી-મજાકને તે કદી મન પર ન લેતો. તે ચાહે તેમ જીવી શકતી. ચાહે તેટલા રૂપિયા ઉડાડી શકતી. ચાહે તેમ બજારમાં, પોતાના પિયર કે જ્યાં જવું હોય તેમ જઈ શકતી. તેના પર કોઈ પાબંધી લાદવામાં નહોતી આવી. મનસુખના માતાપિતા દુનિયામાં નહોતા અને તે પણ શહેરમાં એકલો રહેતો હોવાથી બીજું કોઈ ટોકવાવાળું નહોતું. મનસુખ પોતે આપેલ સ્વતંત્રતાને તેજસ્વીની પ્રત્યેનો પ્રેમ કહેતો...

થોડાક વર્ષ બધું સમુસૂતરું ચાલ્યું. છોકરાં થવાથી તેજસ્વીની પણ વ્યસ્ત થઈ ગઈ અને જાણે તેણે પોતાની સ્વતંત્રતા છોકરાં પાછળ સમર્પિત કરી દીધી પણ તેણે જે ભૂતકાળમાં માણેલી તે સ્વતંત્રતાએ તેનો પીછો નહોતો છોડ્યો. તેના બનાવેલા મિત્રોના કોલ આવવા લાગ્યા. રોજેરોજ તેઓ તેને પજવવા લાગ્યા. લગ્ન પછી અમને ભૂલી ગઈ, તારી લાઈફસ્ટાઈલ બદલાઈ ગઈ, ગવાર બની ગઈ કે શું એવા મહેણાં લાગવા માંડ્યા. ધીરેધીરે ચેટ વધવા લાગ્યું. મોબાઈલનો ઉપયોગ વધી ગયો. છોકરાં તો કાર્ટૂન જોઈને ખુશ હતાં, પતિ પણ થાક્યો હાર્યો વિશ્વાસથી સુઈ જતો અને તેજસ્વીની ચોરીછુપે વાતો કરી લેતી. આજ સુધી તેણે કદી પોતાની સ્વતંત્રતાનો દૂરુપયોગ કરેલો નહી પણ એ દિવસે તે પીગળી ગઈ, લપસી ગઈ, થાપ ખાઈ ગઈ! મનસુખના ચહેરાની ચમક ફિક્કી પડતી જતી હતી. જોવા જઈએ તો તે એટલો આધુનિક પણ નહોતો. તેના ચહેરામાં ઉત્સાહની પણ કમી રહેતી. હરવું, ફરવું, મોજ-મસ્તી અને દોસ્તી-યારી તેણે પણ કરી હતી પણ એ બધું ભૂતકાળ હતો, કોલેજની યાદો હતી. લગ્ન પછી તેણે જાણે તેજસ્વીનીને જ પોતાની સર્વસ્વ માની લીધેલી અને પોતાની સ્વતંત્રતાનું પૂરેપૂરું સમર્પણ કરી દીધેલું અને એવું જ કશુંક તે પોતે બદલામાં ધારતો હતો.

પણ એ દિવસે તેનો વિશ્વાસ તૂટી ગયો. તેજસ્વીની લપસી ગઈ. અમદાવાદની એ ગલીઓમાં તે ફરી આવી. તેના યાર સાથે તેણે રમણીય ક્ષણો વિતાવી. પોતાની સ્વતંત્રતાના પાનામાં તેણે ઝેર ભેળવી લીધું. મનસુખના પ્રેમને કલંક લગાવી લીધો. કહેવા જઈએ તો કશું જ નહોતું થયું અને વિચારવા જઈએ તો ઘણો છેદ ઉડેલો. ખાધું પીધું ચેટથી ઊભી થયેલી વાતો અમદાવાદના ગેસ્ટહાઉસ સુધી લાંબી થઈ આવી! એ દિવસ તેજસ્વીની માટે આનંદનો દિવસ હતો, મજાનો દિવસ હતો, સ્વતંત્રતાનો ખરો આનંદ તેણીએ હવે માળ્યો હતો. અને તેને તેની આદત પડી

@snehnusarnamu

ગઈ...
થોડા જ દિવસોમાં તેજસ્વીની ભાગી ગઈ. તેના યાર સાથે, પાછળ છોકરાં અને વિશ્વાસું ધણીને છોડીને! મનસુખ લાચાર ઊભો તેના પિયરીયાઓને તાકી રહ્યો. કોઈની પાસે કંઈ જ જવાબ નહોતો. બધા જ મનસુખને ઠપકો આપતા હતા. બહુ ચડાવી હતી તેજસ્વીનીને, જોયું શું થયું? એ દુઃખમાંને દુઃખમાં મનસુખનું શરીર અડધું થઈ ગયું. જે સ્વતંત્રતાને લીધે તેજસ્વીની તેને અનહદ પ્રેમ કરતી હતી તે જ સ્વતંત્રતાએ તેના પ્રેમનો ભોગ લીધો હતો!
“ફ્રી-માઈન્ડ કોને ન ગમે પણ લગ્ન પછી ફ્રીડમ અને જેટલું પણ ફ્રી રાખવામાં આવે તેની ઘણી મોટી કિંમત ચૂકવવી પડતી હોય છે. મારા જેવા તો કેટલાય મનસુખીયા દુનિયામાં ફરતા હશે. જોવા જઈએ તો આ વાયરો પણ એવો જ ફૂંકાઈ રહ્યો છે! જ્યાં જુઓ ત્યાં ડખા છે! મુક્ત ન રહેવા દો તો ડખા છે અને મુક્ત રહેવા દો તોય ડખા છે. આજકાલનું લગ્નજીવન ઘણું અટપટું થઈ પડ્યું છે!”
મનસુખે પોતાનું હૃદય એક અખબારના એડિટરની સામે ઠાલવ્યું. તે એડિટર તેની સામે જોઈ રહ્યો. કદાચ તે પણ કોઈક ઘાયલ જ હતો! તેણે મનસુખની સ્ટોરી છાપી. એ બાદ મનસુખે પોતાની જ વાર્તા પર પુસ્તક લખ્યું અને તે ઘણું પ્રસિદ્ધ પણ થયું!
બે વર્ષ પછી તેજસ્વીની તેની પાસે પાછી આવી. તે ઘણી દુઃખી લાગતી હતી. બંનેની આંખો મળી ત્યારે લાગણી જાણે ફૂટીને બહાર આવવા ધસી.
@snehnusarnamu
“શું થયું તેજસ્વીની? કેમ તારા યારે તને છોડી દીધી?”
“હા મનસુખ. તેણે મને વાપરીને છોડી મૂકી. જયારે તેણે મને કાઢી મૂકી ત્યારે તેણે એક વાક્ય બોલેલું જે સાંભળીને મને તું યાદ આવ્યો.”
“કેવું વાક્ય?”
“એ જ કે જા તું હવે આજાદ છે!”
બંનેની આંખોમાં ઝળઝળીયા આવ્યાં. તેજસ્વીની પહેલેથી જ આજાદ હતી. જો કે મનસુખે આપેલ આજાદી ઘણી જુદી હતી!
“મનસુખ, હું તારા લાયક તો નથી જ છતાં હું તારા જીવનમાં ફરી આવવા માંગુ છું...”
“તેજસ્વીની, ખબર છે તને મેં જે આજાદી આપી હતી તેનો અર્થ શું હતો?”
“ના, પણ તું સમજાવશે તો માનવું પડશે.”
“ચોક્કસ, મેં તને આજાદ રાખી હતી કે જેથી તું જયારે પણ પાછી આવે ત્યારે ફરી કદી જાય નહી! મારી સ્વતંત્રતા જ તને અતૂટ બંધને બાંધી લેશે.” કહીને મનસુખે તેજસ્વીનીને પોતાની તરફ ખેંચી લીધી. તેજસ્વીની તે મહાન વિભૂતિની બાહોમાં સપડાઈ ગઈ! અને તેઓ જીવતાં રહ્યા ત્યાં સુધી કદી અલગ ન થયાં, એટલું જ નહી કાયમ એકબીજાનાં જ રહ્યાં...
તેજસ્વીનીનો મોબાઇલ બિભસ્ત સંદેશાઓથી ભરેલો હતો જે મનસુખે ક્યારેય ચેક

નહોતો કર્યો. તે મોબાઈલની મદદથી જો કે તે તેજસ્વીની જયારે ભાગી ગઈ ત્યારે જ તેની ભાળ મેળવી શક્યો હોત પણ તેણે એ પણ નહોતું કર્યું કેમ કે તેને પોતે આપેલ સ્વતંત્રતા પર ભરોશો હતો. તેણે જીવનનું ઘણું મોટું લેશન શીખી લીધું હતું. તે સ્ત્રીને હેન્ડલ કરવા પર નહી, સ્ત્રીની માવજત કરવા પર ધ્યાન આપતો હતો. તેના પ્રેમ કરવાનો તરીકો અલગ હતો. ઘણું કરીને ગળે ન ઊતરે એવો પણ એકદમ વ્યવહારિક. એકબીજાની સ્વતંત્રતા એકબીજાને સોંપીને તેઓએ છેક સુધી ઘણું લાંબુ લગ્નજીવન માળ્યું. તેઓની મિશાલ લોકો દેવા લાગ્યા. મનસુખે ફરી પોતાની વાર્તા પર પુસ્તક લખ્યું જે ભાગ-૨ તરીકે પ્રકાશિત થયું. તે પહેલાં પુસ્તક કરતાંય ઘણું પ્રસિદ્ધ થયું!
કેમ કે તેનો વાંચક-વર્ગ મોટાભાગે લગ્નવાંછુક યુવા વર્ગ હતો.

@snehnusarnamu

વાર્તા સાત
સાત વિડીયો

@snehnusarnamu

“પેલી પ્રિયા વોરિયરનો વિડીયો જોયો? શું આંખ મારી છે એણે યાર!”
“ચલ જા હવે, આવી પ્રિયાઓના પાછળ સમય ન બગાડાય, જો ને પરીક્ષા નજીક છે.”
“હશે, થોડુંક જોઈ લેવામાં વાંધો શું?”
હાઈસ્કૂલના મિત્રો એકબીજા સાથે વાતો કરી રહ્યા હતા. કેટલાકને પરીક્ષા નજીક હતી તો કેટલાકને ઘણી દૂર! ચશ્માંવાળા વિદ્યાર્થીઓને જ પરીક્ષા નજીક હોય એવું નથી હોતું અને ચશ્મીસ છોકરીમાં જ આકર્ષણનો ભંડાર હોય એવું પણ નથી હોતું. મનના ઘણા વહેમોમાં માણસની જુવાની પસાર થતી હોય છે અને આવા જ કેટલાક વહેમોથી ભરાયેલા સાત મિત્રોએ સ્કૂલ સમય બાદ કશુંક નવું કરવાનું નક્કી કર્યું.
“આપણે પણ કોઈક વિડીયો બનાવીએ.”
“અરે પણ આપણામાં ક્યાં કશું ટેલેન્ટ છે?”
“આજકાલ ટેલેન્ટ નહી ટ્રેન્ડ ચાલે છે! જેણે ટ્રેન્ડ પકડ્યો તે જગ જીત્યો!”
“તારી વાત સાચી, પણ કરીશું શું?”
ચર્ચા થોડીક અઘરી બનવા લાગી તો બે ત્રણ જણાએ એકબીજાની ટીખળીઓ શરૂ કરી. એમાંને એમાં સાંજ પડી ગઈ. કશો નિવેડો ન આવ્યો અને ઉલટાનો એક દિવસ બગડ્યો. ઘેર પાછાં ફરતી વખતે એક મિત્રનો વિચાર બધાને ગમી ગયો.
“આપણે સાતેય અલગ વિડીયો બનાવીએ અને અપલોડ કરીએ તો કેવું?”
@snehnusarnamu
અને બીજા દિવસે તેઓ સાતેય પોતપોતાના વિડીયો બનાવવા નીકળી પડ્યા. સાતેયના વિચારો અલગ હતા, કેમેરા અલગ હતા અને લખાણ અલગ હતા. એ જોવું રસપ્રદ હતું કે સાતેય વિડીયોમાંથી કોનો વિડીયો ક્લિક થવા જઈ રહ્યો હતો!
એક પછી એક દિવસો જવા લાગ્યા. વિડીયો બનીને તૈયાર હતા પણ પરીક્ષા આવી પહોંચી હતી એટલે તેઓને અપલોડ કરવાનું માંડી વાળવામાં આવેલું. વેકેશનનો લાભ લઈને વિડીયો અપલોડ અને શેર કરવાની પ્રક્રિયા આદરવી એવું નક્કી થયું. સૌને હતું કે મારો જ વિડીયો સૌથી સારો. તેઓના મનમાં એક પ્રકારનો ઉત્સાહ હતો, છવાઈ જવાનો...
અને વેકેશન આવ્યું. બધા ભેગા મળ્યા. પોતપોતાના લેપટોપ લઈને, પોતપોતાનું એકાઉન્ટ ખોલીને સૌ બેઠા. એક પછી એક વિડીયો અપલોડ થતાં ગયા અને તાળીઓના ગળગળાટ વાગતાં ગયા. ચિચિયારીઓ અને સીટીઓ વાગતી ગઈ. સૌ પોતાનું કામ પૂરું કરીને પાર્ટી કરવા હોટેલમાં ગયા. ખાધું પીધું અને છુટા પડ્યા. હવે થોડાક જ દિવસોમાં તેમણે બનાવેલા વિડીયોનું પ્રદર્શન નક્કી થવાનું હતું. તેઓનું મૂલ્યાંકન જનતાના હાથોમાં હતું. કોણ ટ્રેન્ડ પકડી શક્યું હતું તે હવે ખબર પડવાની હતી.
દસ દિવસ વીતી ગયા. સાતેય જણ એકબીજાના રીપોર્ટ લઈને હાજર થયા. સૌના મોઢા ખીલેલા હતા. દરેકને ભરપુર વ્યુઝ મળેલા. દરેકને એમ જ લાગી રહ્યું હતું કે

મારો જ વિડીયો સૌથી પ્રસિદ્ધ થયો છે. દરેકે જણાવ્યું કે કેટલી મહેનતથી તેમણે વિડીયો બનાવેલો. કોઈકે કીધું કે પપ્પાના પોકેટમનીમાંથી જીવ બાળીને, કરકસર કરીને કેમેરો ખરીદ્યો અને વિડીયો બનાવેલો. કોઈકે વળી પહાડોમાં જઈને શુટિંગ કરેલું તો કોઈક વળી સમુદ્ર કિનારે જઈ આવેલો. કોઈકે પ્રોફેશનલ એક્ટરને હાયર કરેલા તો કોઈકે ડાયરેક્ટરને. સૌએ ઘણો પૈસો ખર્ચ કર્યો હતો. જો કે તેઓના પૈસા વસૂલ હતા કેમ કે દરેક વિડીયો ખુબ જ પ્રસિદ્ધ થયો હતો અને એ રીતે તેઓને ઘણી કંપનીઓ તરફથી કરાર મળી રહ્યા હતા. પણ એક વ્યક્તિ એવો હતો જેણે રૂપિયાનો ખર્ચ નહોતો કર્યો અને તેનો વિડીયો લગભગ દરેકના મોબાઈલમાં વાયરલ થઈ ચુકેલો! કોણ હતો એવો ધુરંધર? એનો વિડીયો એવો તે કેવો બનેલો કે તે એટલો બધો વાયરલ થયો હતો?

સૌ છુટા પડ્યા તોય તેણે પોતાનું રહસ્ય ન જણાવ્યું ન વિડીયો દેખાડ્યો. તે કહેતો હતો કે ઘણા ટૂંક જ સમયમાં તેને ફિલ્મનો કરાર મળવાનો હતો. સૌ તેની ઈર્ષ્યા કરવા લાગ્યા. દરેકને જાણવાની તાલાવેલી હતી કે એવું તે શું જાદુ કર્યું હતું એણે! કોઈની સમજમાં કંઈ જ નહોતું આવી રહ્યું. ત્યાં જ કોઈકને વિચાર આવ્યો...

“આપણને કેમ એનો વિડીયો હજી જોવા મળ્યો નથી અને જો તે એટલો બધો વાયરલ થયો હોય તો હજી સુધી આપણી નજરમાં ન આવે તેવું બને જ નહી!”

“આપણે જે પ્લેટફોર્મ વાપર્યું છે કદાચ તે તેણે વાપર્યું નહી હોય.”

@snehnusarnamu

“તોય, વાયરલ થયેલ વિડીયો કંઈ એક જ પ્લેટફોર્મ પર ન રહે.”

સૌ મુંજવણમાં હતા. પેલો મિત્ર પણ કશું કહ્યાં વગર જતો રહ્યો હતો. કોઈના દિમાગમાં તે રહસ્ય ઉકેલાઈ રહ્યું નહોતું. ત્યાં જ કોઈકે પકડી પાડ્યું!

“હવે મને સમજાયું. મિત્રો તમને યાદ છે કે આપણે આપણી મીટીંગનો વિડીયો બનાવેલો અને એ બાદ જેટલી મીટીંગ કરી તે બધાના વિડીયો બનાવેલા. એટલું જ નહી, આપણા બનાવેલા વિડીયો અપલોડ કરતી વખતે પણ એક મેકિંગનો વિડીયો બનાવેલો. એ બધા જ વિડીયો આ જ મિત્રએ પોતાની પાસે રાખેલા. મને લાગે છે કે તેણે આપણા છ જણના બનાવેલા વિડીયોનું મેકિંગ બનાવીને સાતમો વિડીયો અપલોડ કર્યો છે!”

“ના હોય, તો તો ગજબ કહેવાય!”

“હા પણ એ વિડીયો આપણી પહોંચમાં કેમ ન આવ્યો?”

“એમાં પણ તેની ચાલ હોવી જોઈએ. તેણે આપણને જાણી જોઈને તેના વિડીયોથી દૂર રાખ્યા હોય.”

“એવું કેવી રીતે બની શકે?”

“સિમ્પલ છે યાર. તેણે આપણી સામે જે વિડીયો અપલોડ કરેલો તે અલગ હતો અને તેણે પોતાના બીજા એકાઉન્ટમાંથી અસલ વિડીયો અપલોડ કર્યો હશે. તેણે પોતાની બુદ્ધિ ટૂંકમાં વાપરી!”

બધા એકબીજાના ડાચાં જોઈ રહ્યા. તે ભાઈએ તે છ વિડીયોનું ટાઈટલ પણ ટ્રેન્ડીંગ રાખેલું! “મેકિંગ ઓફ સિક્સ ટ્રેન્ડીંગ વિડીયોઝ ઈન વન વિડીયો”.
એ બાદ તે મોટો ફિલ્મ મેકર બન્યો. તેણે છ ફિલ્મ બનાવી અને સાતમી ફિલ્મ તેણે પોતાની છ ફિલ્મના મેકિંગ વિશે બનાવી નાખી. ફરી તેનો એ ફોર્મ્યુલા ખુબ સફળ થયો.
પેલી પ્રિયા વોરિયર કરતાં તો તેનો ફોર્મ્યુલા લાખ દરજ્જે સારો હતો. તેનો ફોર્મ્યુલા ટ્રેન્ડ નહોતો શોધતો પણ ટ્રેન્ડ સેટ કરતો હતો!

@snehnusarnamu

વાર્તા આઠ
ભોજન સમારંભ

@snehnusarnamu

“અરે યાર તે આ કેવી હેયરસ્ટાઈલ કરાવી છે? માથામાં કુત્રિમ પાંથી સેટ કરી છે ને વળી એક સાઈડથી વાળ સફાચટ કરી લીધા છે?”
“અરે યાર, તને ખબર ન પડે. અત્યારનો જમાનો દિમાગથી જીવવાનો જમાનો છે. એક સાઈડ હેયર કટ એટલે વન સાઈડ લવમાં છે બંદો. વાળ પરથી જ બંદીઓને ખબર પડી જાય કે ભાઈ હવે આરક્ષિત થઇ ગયો છે.”
“જબરું હો! અમારા વખતે તો અમે દિલથી જીવતા હતા.”
“એ જમાનો ગયો. આજે તો વાતે વાતે દિમાગ લગાવવામાં આવે છે. એટલું બધું વિચારવામાં આવે છે કે છીંક ખાવી પણ એક ફેશન આઈકન બની જવી જોઈએ!”
બે મિત્રોએ પોતાની ગોષ્ટી ખતમ કરી અને કોલેજની કેન્ટીનમાંથી વિદાય લીધી. તે બંનેમાં એક જણ સીનીયર હતો કેમ કે તે ઘણી વખત ફેઈલ થયેલો. કોલેજના એક જ વર્ષમાં વર્ષોથી તે સંઘર્ષ કરી રહ્યો હતો જેના લીધે તેની ઉંમર ખાસી એવી વધી ગઈ હતી પણ તેને તે ગમતું. તે હંમેશા જવાન જ રહેવા માંગતો હતો! કોલેજ છોડવી જાણે તેના માટે જીવ છોડી દેવા જેવી બાબત બની ગઈ હતી. તેણે પોતાના પ્રોફેસરો અને પ્રિન્સીપાલ સુદ્ધાંને આ વિશે વાત કરી લીધી હતી! તેનું નામ હતું જવાહર.
“જવાહર, તું અમારી પાર્ટીમાં આવીશ? રાત્રે ચીકન બિરીયાની અને દારૂની મહેફિલ થવાની છે.” જવાહરના પેલા મિત્રએ ઓફર કરી. જવાહર ના ન પાડી શક્યો. જો કે તે સીધો માણસ હતો અને આવા લફડાઓમાં પડતો નહોતો પણ મૂડ ચેન્જ કરવા માટે તેણે તે ઓફર સ્વીકારી લીધી. પાર્ટીમાં જઈને દારૂ ન પીવાની શરતે.
@snehnusarnamu
એ રાતે બધા જુવાનિયાઓ ખુબ નાચ્યા, ખુબ દારૂ ઢીંચ્યો અને પછી લહેજત લઈને બિરીયાની ખાધી. એટલું ઓછું નહોતું તેમ તેઓમાંના કેટલાકે તો સ્ત્રી મિત્રો સાથે સહેવાસ કર્યો! જવાહર આ બધું જોઈ રહ્યો. તેણે આવું તો કલ્પ્યું જ નહોતું. તે કન્યાઓ કેટલી ફ્રેન્ડલી હતી! ભવિષ્યમાં થનાર પોતાના પતિ વિશે કોઈ જાતની ચિંતા કર્યા વગર ચાર દિવસની ચાંદની જેવા પોતાના મિત્રો કે કહો બોયફ્રેન્ડોને સોંપાઈ રહી હતી. એવી પેઢી રચાઈ રહી હતી જેઓ દિમાગી જહેમત તો ઘણી ઉઠાવી રહ્યાં હતા પણ કોઈના દિલની હાલત શું થશે તે વિશે વિચારવાની કોઈ તસ્દી લેતું નહોતું. જવાહરે પોતાના સમય વિશે વિચાર્યું. જયારે તે ભણતો ત્યારે છોકરીઓ આટલી બિન્દાસ્ત નહોતી. કોઈની સાથે વાત કરવી એટલે તેઓ ખતરો સમજતી. તે સમયમાં ચારીત્રના પાઠ કોઈને ભણાવવા પડે તેમ નહોતા. આજનો જુવાન દાઢી કાળી ન પડી જાય તે માટે વેક્સિંગ કરાવી લે છે પરંતુ હૃદય ચારિત્રભંગને લીધે કાળું પડી જાય તેની કોઈ તસ્દી લેવા માંગતો નથી. જવાહરને આ બધું જોઈને ઘણું લાગી આવ્યું. તે વિચારવા લાગ્યો કે શું તેની થનારી જીવનસાથી પણ આવી જ કોઈ ધોખેબાજ હશે? સ્ત્રી-જાત પરથી તેનો ભરોશો ઉડી ગયો અને બીજા દિવસે સવારે તે ક્યાંક જતો રહ્યો...
એ વાતને ઘણા વર્ષ વીતી ગયા. જવાહરને લોકો ભૂલી ગયા હતા. અનાથ હોવાથી

તેનું કોઈ સગું નહોતું. પ્રોફેસરોને તે યાદ હતો કેમ કે તે અલગ ઈન્સાન હતો! તેની વિચારસરણી થોડીક જૂનવાણી હતી પણ મજાની હતી!
જવાહરનો પેલો મિત્ર જેનું નામ રાકેશ હતું તે પરણી રહ્યો હતો. મોટી ઉંમરે તેનો મેળ પડ્યો હતો. તેના માબાપે તેના લગ્નનો મોટો જમણવાર આપેલો. જવાહર જે સાધુ બની ગયો હતો તે વધી ગયેલી દાઢી અને સાદા પહેરવેશ સાથે તેના મિત્રના ઘરની બહાર આવીને ઊભો રહ્યો.
“રાકેશ તું મને ઓળખે છે?” જવાહરે રાકેશને પ્રશ્ન કર્યો. રાકેશ તો તેને ઓળખી જ નહોતો શક્યો પણ થોડીકવાર એકીટશે તેને નિહાળ્યા પછી તે આંચકો પામીને પોતાના મિત્રને ઓળખી ગયો.
“જવાહર તું? આ શું હાલ બનાવી નાખ્યો છે તે તારો?”
“બસ મિત્ર, વૈરાગ્ય આવી ગયો હતો!”
“બાવો બની ગયો તું તો યાર! કંઈ નહીને બાવો?”
“હા, સંસારની રીતોથી મને આઘાત લાગેલો. કદાચ હું પોતે સંસારને સમજી ન શક્યો.”
“જે હોય તે. તું આવ્યો તે મને ઘણું ગમ્યું દોસ્ત. હવે તું રોકાઈ જા.”
રાકેશના આગ્રહથી જવાહર તે ભોજન સમારંભમાં રોકાઈ ગયો. તે ભવ્યતામાં પોતાના પહેરવેશની ઝાંખપ છુપાવવા માંગતો હતો પણ લોકોને એવી ઝાંખપને અવગણવાની આદત હતી!
@snehnusarnamu
જમણવાર શરૂ થયો. અનેક જાતની વાનગીઓ ઉભરાઈ રહી હતી. એક ટેસ્ટ કરો અને બીજી મુકો એટલી જાતની વાનગીઓ ત્યાં હતી. જવાહરને તો સાદું અને થોડું ભાવતું. તેણે ખાધું ન ખાધું કરીને પોતાના મિત્રને મળવા ઘરની અંદર જવા લાગ્યો. ઘરના સભ્યો વહીવટમાં અને અન્ય કામમાં વ્યસ્ત હતા. અહીં રાકેશ કોઈકને લઈને ઉપરના માળે કશુંક કરી રહ્યો હતો.
“રાકેશ, આ તું શું કરી રહ્યો છે?” રાકેશને કોઈક કન્યા સાથે અશ્લીલ હાલતમાં જોઈને જવાહર તાડૂક્યો.
“અરે યાર તું? તું અહિયાં શું કામ આવ્યો? જો દોસ્ત, આ છોકરી લગ્નમાં આવી હતી. આજે જ તેને પટાવી છે. તે પણ મારી જેમ ટેસ્ટ કરી લેવા માંગતી હતી. લગ્ન પહેલાં તું જાણે છે ને આ બધું કરી લેવું પડે. તું તારે જા.”
“પણ રાકેશ, તે તો કેટલીયેવાર ટેસ્ટ કરી લીધો હશે દોસ્ત! તારી થનારી પત્નીએ પણ કોઈકનો ટેસ્ટ કરી લીધો હશે તો? કેવું લાગશે તને?”
સણસણાતો તમાચો મારીને જવાહર ત્યાંથી ચાલ્યો ગયો. રાકેશને મન કશો ફરક ન પડ્યો પણ પેલી કન્યા વિચારતી થઈ ગઈ. તેનું તો તે પહેલીવારનું હતું. તે ચેતી ગઈ અને રાકેશને અળગો કરીને ત્યાંથી નાસી ગઈ. રાકેશ હતપ્રત થઈને જવાહરને શોધતો ભોજન સમારંભની જગ્યાએ આવ્યો.

જવાહર એક જગ્યાએ આરામથી બેઠો હતો. તેની શાંત મુદ્રાને લીધે ઘણા લોકો તેનાથી આકર્ષાઈને તેના ચરણની પાસે બેસી રહ્યા હતા. પેલી બાજુ રાકેશને લોકો ઘેરી વળ્યા. જે ઝભ્ભો રાકેશે પહેરેલો તેના પર કશાકનો ડાઘ લાગેલો હતો. ઘણાએ તે વિશે મોઢું ચડાવ્યું. આટલો મોટો જમણવાર અને આવો પહેરવેશ? રાકેશની પોલ પકડાઈ ગઈ હતી...

તે ભોજન સમારંભ વિડીયો અને ફોટોમાં યાદગીરીરૂપે કંડરાઈ રહ્યો હતો. સૌથી ઊજળાં વસ્ત્ર જવાહરના લાગી રહ્યા હતા. તેનું ત્યાં હોવું કશાક અલૌકિકનો ઈશારો કરતુ હતું. જયારે રાકેશની સેલ્ફીઓમાં પણ એવો દમ દેખાતો નહોતો જે તેણે આરોપેલી સ્ટાઈલ અને ફેશનથી હોય.

જવાહર ફરી સંસાર છોડીને ન ગયો. ઘણા જુવાનો કસમયે જમવાનું ટેસ્ટ કરી લેતા. તેઓને ખરો ભોજન સમારંભ શીખવવા સંસારમાં જ રહીને જીવવાનું જવાહરે પસંદ કર્યું. લગ્ન સંસ્થાનો આદર કરીને તે પણ પરણી ગયો કેમ કે દહાડા ભૂંડા હતા...

@snehnusarnamu

વાર્તા નવ
કુદરતનું ઈંડું

@snehnusarnamu

અવનીએ ટાઈમ ટ્રાવેલની ગણતરી કરી લીધી હતી. ડાઈનાસોરના યુગમાં જઈને પાછા આવવાનું હતું અને સાથે તેનું તાજું ઈંડું લઈને આવવાનું હતું, પણ શું ભૂતકાળમાંથી કોઈ વસ્તુ લઈને વર્તમાનમાં પાછું આવવું શક્ય હતું? એવી કોઈ વાતને તેના પિતાની થિયરીએ તદ્દન રદિયો આપ્યો નહોતો. તેમનું સપનું હતું ડાયનાસોરને જીવતા કરવાનું. એવું સપનું જે મનની લગનની જેમ દિમાગમાં ચોંટી જતું હોય છે અને પછી માણસ ધાર્યું કરવા પોતાનું જીવન હોમી દેતો હોય છે. તેઓ પોતે તો તે કામ જીવન રહેતાં પૂરું નહોતા કરી શક્યા પણ હવે તેમની દીકરી અવની તે કામ કરવા માટે તૈયાર હતી.

કાઉન્ટ ડાઉન શરૂ... દસ, નવ, આઠ, સાત, છ, પાંચ...

અવનીએ ઊંડો શ્વાસ લીધો કેમ કે ટાઈમ મશીનમાં કંઈપણ થઈ શકતું હતું, શરીરના ફૂરચા બોલાઈ જાય; એક પગ એક યુગમાં પડ્યો હોય અને બીજો બીજા યુગમાં એવું પણ બને! અવકાશયાન લોન્ચ કરવામાં જેવા અને જેટલા ખતરા રહેલા હતા તે તો પાછા ખરા જ.

ચાર, ત્રણ, બે, એક... અને ટાઈમ મશીન ઉડી ગયું. અવકાશ વચ્ચેની જગ્યાએ જ્યાં સમયો મળતા હતા ત્યાં કશોક લૂપ-હોલ શોધીને ડાઈનાસોરના ગૌરવી સમયને નાથવા પહોંચી ગયું. તે ટીનનો ડબ્બો જયારે ભૂતકાળની ધરતીને અડ્યો ત્યારે અવનીને જાણે નવો જીવ મળ્યો. તેણે હાશકારો લીધો! તેનો સહાયક અને પતિ પેલા ઓરડામાં તેની રાહ જોતો માથા પર હાથ ધરીને બેસી ગયો. અવની પાછી આવશે કે નહી? તેના બે સંતાનોનું શું થશે? કેટલી રાહ જોવાની?

@snehnusarnamu

અવની મશીનની બહાર નીકળી. હાથપગ હલાવી જોયા. બધું બરોબર હોવાથી તે આગળ વધી. ઠેરઠેર વિચિત્ર ગંધ આવી રહી હતી. વનરાજી ચારેકોર છવાયેલી હતી અને પ્રચુર માત્રામાં ઓક્સીજન ઉપલબ્ધ હતો જેથી અવનીનું મન પ્રફુલ્લિત થઈ ઉઠ્યું. ડાઈનાસોરનું ઈંડું મેળવીને બને તેટલી વહેલી તકે તે જગ્યા છોડી દેવી એવું તેણે નક્કી કરી લીધું. ખતરો ચારેકોર હતો અને સમય જાજો નહોતો. તેણે સાવચેતીથી પગલાં માંડ્યા. એકવીસમી સદીની તે મેડમ ક્યુરી પોતાના જીવને ખતરામાં નાખી વિજ્ઞાન માટે કશુંક કરી છૂટવાની ખેવના રાખતી હતી.

થોડેક દૂર ગયા પછી તેણે એક મોટું ઈંડું જોયું. તે અવાવરું પડ્યું હતું. આસપાસ કોઈ નથી એવું જાણીને અવની દોડી અને તે ઈંડું ઉપાડી લાવી. હવે એક માઈલનું અંતર કાપીને ટાઈમ મશીન સુધી પહોંચવાનું હતું. તેણે ઝડપથી પગ ચલાવ્યા. ચાલવામાં કે દોડવામાં તે કાયમથી પગભર હતી પણ જો કોઈ ઓર્નિથોમોમીડ જેવું પાછળ પડી ગયું તો તો મર્યા સમજો.

અને તે સફળ રહી!

ટાઈમ મશીન પહોંચતા સુધીમાં તેનો શ્વાસ ખાસો એવો ફૂલી ગયો હતો. જોડે સાત કિલોનું ઈંડું ઊંચકીને ચાલવાથી તેનો હાથ ફાટી રહ્યો હતો. સુન્ન પડી ગયેલા હાથે

ટાઈમ મશીનનો દરવાજો ખોલવો શક્ય નહોતો. થોડીવાર રાહ જોઈને હાથ ફરી સંચાલિત થાય પછી જ કશોક મેળ પડે તેમ હતું પણ એ જગ્યા તો ખતરાઓથી ભરેલી હતી. ગમે ત્યાંથી હુમલો થવાની શક્યતા હતી. આકાશમાંથી કોઈ રેપ્ટર આવી ચડે તો જમીન પર દોડતું કોઈ માંસભક્ષી ડાઈનો. અવની બરોબર ફસાઈ હતી. ઈંડું જમીન પર મુકેલું હતું પણ તેને ઊંચકવાની તાકાત અવનીના હાથોમાં તે સમયે નહોતી. અને પછી ન થવાનું બન્યું.

એકીસાથે રેપ્ટર, ઓર્નિથોમોમીડ અને એલોસોરસ આવી ચડ્યા. દૂરથી તે ટૂકડીને આવતી જોઈને અવનીના હાજાં ગગડવા માંડ્યા. ખેલ ખલાસ થવાની સંભાવના વધી ગઈ. તે પોતાના બંને બાળકોને યાદ કરવા લાગી અને અચાનક તેનામાં જીવવાનું જોમ જાગી ઉઠ્યું. તેના હાથ સળવળવા લાગ્યા, અલબત્ત હજી પેલું ઈંડું ઉપાડી શકે એટલા સશક્ત તો નહોતા જ પણ હા, ટાઈમ મશીનનો દરવાજો ખોલવાનું બટન દબાવી શકતા હતા. અવનીએ ઝડપ કરીને તે બટન દબાવ્યું અને એ સાથે જ ટાઈમ મશીનનો કાચનો દરવાજો ખુલી ગયો. હવે અવની પાસે સમય હતો કે તે ઈંડું ઉપાડી લે અને ઈંડા મશીનમાં બેસી જાય.

અવનીએ છેલ્લી કોશિશ કરી જોઈ.

નીચે નમીને ઈંડું ઉપાડવા ગઈ પણ તેનો વજન સુન્ન પડેલા હાથ ઉપાડી ન શક્યા. અવનીનું દિમાગ પેલા ડાઈનાસોરના આવી પહોંચવાના સમય, ટાઈમ મશીનને ઉપડવાના સમય અને ઈંડું ઉપાડી શકવાના સમયની ગણતરી કરતુ હતું જે પછી તેને ખબર પડી કે તેની પાસે બે જ વિકલ્પ બચેલા. કાં તો ઈંડું કાં તો જીવ.

@snehnusarnamu

અવનીએ પોતાનો જીવ બચાવવાનું નક્કી કર્યું.

તેણે એવું પણ ધારી લીધું કે બીજીવાર આવીને તે ઈંડું લઈ જશે. એટલે તે ઝડપ કરીને મશીનમાં બેસી ગઈ. ઈંડું જમીન પર પડેલું રહ્યું. અવનીએ અફસોસ સાથે બટનો દબાવે રાખ્યા અને ટાઈમ મશીન ઉડી ગયું. તે ઉડતું હતું ત્યાં જ રેપ્ટરે કરામત કરી અને પોતાની પૂંછડી મશીનને દેવાડી. રેપ્ટરનો ઘા થતાં જ મશીનમાં ધૂમાડા નીકળવા લાગ્યા અને અવની ચક્કર ખાવા લાગી. જો કે તે મશીન ઊભું ન રહ્યું. મોતના મુખમાંથી અવનીને બચાવીને તે અવકાશની કોઈ ખુલ્લી જગ્યામાં પેંસી ગયું.

થોડીવારમાં અવની પોતાના ઘરમાં પાછી ફરી. અડધો કલાક વીતી ગયો હતો અને તેનો પતિ તેની રાહ જોતો ત્યાં જ સોફામાં આરામ કરતો હતો. ટાઈમ મશીન પ્રગટ થયું એ સાથે જ તે ખુશીથી ઊછળી પડ્યો. અવની વિલાયેલા મોઢે મશીનમાંથી ઊતરી. તેણે પોતાના પતિને બધી જ વાત કરી. તેના પતિએ તેને આશ્વસ્ત કરી કે તેઓ ફરી પ્રયત્ન કરશે.

એ વાતને મહિનો વીતી ગયો. ટાઈમ મશીનને રેપ્ટરના ઘા થી ઈજા પહોંચી હતી અને તે ફરી બની શકે તેમ નહોતું. અવનીનું અડધું જીવન તેને બનાવવામાં વીતી

ગયું હતું. તે હારી ગઈ. હતાશ થઇ ગઈ. પોતાના પિતાના સપનાને પૂરું ન કરી શકવાનો વસવસો હતો તેનામાં. તેણે પોતાના પતિને તે વિશે વાત કરી ત્યારે તેણે એક અદ્દભુત જવાબ આપ્યો તે સાંભળીને અવનીને સંતોષ થયો અને તે પોતાના સંતાનો પાછળ સમય વિતાવવા લાગી. તેણે ટાઈમ મશીનને અભરાઈએ ચઢાવી દીધું અને ભૂતકાળમાં ભમવાની ખેવના ધરબાવી નાખી.
શું હતો તેના પતિનો જવાબ?
“અવની, કુદરતને પોતાનું ઈંડું સાચવતાં આવડે છે!”

@snehnusarnamu

વાર્તા દસ
એસિડીક શેતાન

@snehnusarnamu

સૌંદર્ય પ્રસાધનો લગાવીને મોડલ જેવા બનીને ફરવું તેનો શોખ કહો કે ફૂલ ટાઈમ જોબ. ચહેરા પરની વધારાની ચરબી દૂર કરવા માટે કંઈ કેટલાય મસાજર તેણે વસાવેલા. છોકરીઓની જેમ દર્દ સહન કરવું, આખો દિવસ દર્પણ સામે લાગ્યા રહેવું અને છેવટે થાકીને સુઈ જવું તેનો નિત્ય ક્રમ હતો. દરેક જહેમતને પોતાનું ફળ હોય છે. ભાઈને સ્ત્રી-મિત્રો વધવા માંડી. એ સાથે જ ખર્ચા પણ વધવા લાગ્યા. લેટેસ્ટ હરેક ટ્રેન્ડ ભાઈની આંગળીઓએ રમવા માંડ્યો. એક લાંબુ લીસ્ટ બનવા માંડ્યું જી.એફ. નું! ભાઈને એ વાતનું ઘમંડ એટલું ચડ્યું એટલું ચડ્યું કે તે ભૂલી ગયા પોતાની ઓકાત. અને એક દિવસ એવું જ બન્યું જેણે તે ભાઈને તેમની ઓકાત દેખાડી દીધી...

“દર્પણમાં મોઢું જોયું છે?”

રૂપરૂપના અંબાર સમી તે લાવણ્યાનો નકાર ભાઈનું હૃદય સહન ન કરી શક્યું. શરીરમાં હતું તો કશું જ નહી પણ જે હતું તેય સુકાઈ ગયું. બિમારની જેમ આખો દિવસ પથારીમાં જવા લાગ્યો. મિત્રોને પણ ખબર પડી ગઈ કે ભાઈ ઘાયલ થયો છે! કહેવાય છે કે ખાલી દિમાગ શેતાનનું ઘર હોય છે. કોણે જોયો આ શેતાનને? શું તે લાલ પૂંછડી અને બે શિંગડાવાળું કોઈ ભૂત છે?

ભાઈને ચોક્કસ એમાંનું કશું દેખાયું નહોતું પણ હા ઝાડ તેના ફળથી ઓળખાઈ જાય એમ તે ભાઈને નવરાશમાં આવેલો વિચાર શેતાની છે તે તેના ફળ પરથી ખબર પડી ગઈ કેમ કે તે ભાઈએ ઘણું ખતરનાક વિચારી નાખ્યું હતું!

@snehnusarnamu

લાવણ્યાનું લાવણ્ય ભાઈની આંખોમાં ખટક્યું. તેને શક્ય તેટલું નુકશાન પહોંચાડવાની પેરવી શેતાનિક પ્રલોભન પામેલું મન વિચારવા લાગ્યું. તે ભાઈનું નામ શું હતું?

શું ફરક પડે છે? શેતાનિક બોય જ કહી લો. અપરાધીને નંબર જ અપાતા હોય છે, જેમ શેતાનનો નંબર છે!

અને તે ભાઈ ચાલી નીકળ્યો પોતાનો અપરાધ પાર પાડવા. લાવણ્યા આજે ખુબ જ સુંદર લાગી રહી હતી. ગુલાબી રંગનું ફ્રોક પહેરીને કોઈ એન્જલ જેવી તે સામેથી ચાલીને આવી રહી હતી અને આ બાજુ તૈયાર હતું પેલું શસ્ત્ર. ભાઈએ પોતાની પાછળ કાગળમાં લપેટીને તે શસ્ત્ર તૈયાર રાખ્યું હતું. જેવી તક મળે તેવો જ હુમલો કરી દેવો. આ પાર કે પેલે પાર. મને દર્પણ જોવાનું કહેવાવાળીને જીવનભર દર્પણ જોવાના ફાંફા પડવા જોઈએ!

અને તે ભાઈએ પોતાનું શસ્ત્ર ઉગામ્યું. એક ક્ષણ તો તે લાવણ્યાને જોતો જ રહી ગયો! તેણે ખોટું શું કહ્યું હતું? દરેક છોકરીના અરમાન હોય છે. ઉપરવાળાએ રૂપ આપવામાં ભલે ઉપર-નીચે કર્યું હોય પણ હૃદય દેવામાં નથી કર્યું. એટલે જ તો ક્યારેક મિસમેચિંગ જોડીઓ પણ રચાઈ જતી હોય છે. કાળા સાથે ધોળું ગોઠવાઈ જતું હોય છે. લાવણ્યા કરતાં પણ હજી સારી દેખાતી છોકરીઓ હશે દુનિયામાં અને

એટલે જ બીજાની સાથે સરખામણી કરવા કરતાં પોતાને મળેલું જે છે તેની કદર શેતાન શીખવતો નથી!
એવું જ ન કરવાનું કરી નાખવા તે ભાઈએ હાથ ઉગામ્યો અને લાવણ્યા પર એસિડ ફેંક્યું. તે બંને વચ્ચેથી તે જ સમયે તેની બહેન પસાર થઇ અને તે એસિડ જઈને તેના ચહેરાને ચોટ્યું. જે શસ્ત્ર લાવણ્યા માટે ઉગામવામાં આવેલું તે શસ્ત્રનો ઘા ભાઈની બહેનને જ ઘા દઈ આવ્યું. તેની બહેન દર્દથી કણસતી ભોંય પર બેભાન થઈને ઢળી પડી. લોકોની ભીડ એકઠી થઇ અને તે ભાઈને મારીને અધમૂઓ કરી નાખ્યો. લાવણ્યા તો ચાલી ગઈ પણ પોતાની સાથે ડર લેતી ગઈ.
શું થાય જો તે ભાઈ પોતાની બહેનનો બદલો લે તો? કોલેજ જવું કે ન જવું? તેની બહેનને મળવા જવું કે નહી? ઘણા પ્રશ્નો તેના મનમાં હતા. સાથે પોલીસની પૂછપરછ પણ ચાલી રહી હતી. પેલા ભાઈના શેતાનિક બેકગ્રાઉન્ડના કારણે વાત લાંબી વધી નહી પણ સમાજમાં તેના નામનું થું થું થઇ ગયું. પોતાની જ બહેનની ગંભીર હાલત કરનાર એ એસિડીક શેતાનને લોકો ધુત્કારવા લાગ્યા.
શું હોય છે આ ખુબસુરતી?
મનને સંદેશ મોકલનાર તે ઊર્મિવેગને બદલી નાખનાર પસ્તાવો મનમાં ખુબસુરતીની વ્યાખ્યા જ બદલી દે છે!
એવો જ પસ્તાવો એ ભાઈના હૃદયમાં જાગ્યો હશે. તેણે લાવણ્યાની માફી માંગી. પોતાની બહેનની માફી માંગી અને જીવનભર કુંવારો રહ્યો. તેની બહેનને કોઈક ભલો માણસ જીવનસાથી રૂપે મળી ગયો અને લાવણ્યાને પણ તેનો મનનો માણીગર મળ્યો પણ પસ્તાવાથી ભરાયેલ એ એસિડીક શેતાન જીવનભર તરસતો રહ્યો...
@snehnusarnamu
તેના ગાલ અંદર જતાં રહ્યા હતા. ચામડી ઢીલી પડી ગઈ હતી અને કપડાં પણ ફાટી ગયા હતા. મંદિરના ઓટલે બેસીને તે જે કશુંક મળતું તે ખાઈ લેતો. જીવનની સુંદરતા જાણે તેને જીવતા મડદામાં ફેરવીને ચાલી ગઈ હતી. ત્યાં જ કોઈક આવીને તેના પગ આગળ ઊભું રહ્યું. તે લાવણ્યા હતી!
તે એવીને એવી જ સુંદર લાગતી હતી જયારે આ ભાઈ તો દુઃખોના પહાડ લઈને બેઠો હતો. બંનેએ એકબીજાની આંખ સામે જોયું અને એ સાથે જ તે ભાઈના હૃદયમાં મીઠી પીડા ઉપડી.
ખરૂં હોય છે આ સોંદર્યનું દર્દ, જીવવા પણ દેતું નથી અને મરવા પણ!
એટલે જ આંખથી જીવનારાઓ ખોટા પડે છે. પ્રલોભનોમાં વહેલા ફસાય છે!
પણ લાવણ્યા તો હૃદયથી પણ સુંદર નીકળી. તેણે તે ભાઈની સરભરા કરી અને પોતાના પતિને તેના વિશે જણાવ્યું. તેણે ઘણું સહન કર્યું હતું. તે હવે બદલાઈ ગયો હતો. તેની સજા પૂરી થવા જઈ રહી હતી.
ત્યાં જ અચાનક તે ઊઠ્યો અને પાસે પડેલ થાળી વડે લાવણ્યાના ચહેરા પર ઘા કર્યો. તેણીના કપાળ પર મોટો ચીરો પડી ગયો. તેના ચહેરાની ખુબસુરતીને ડાઘ

લાગી ગયો!
“લાવણ્યા, જો મારામાં ઘમંડ હતો તો શું તારામાં નહોતો? અને એ જ ઘમંડથી ભરાઈને તે મારી ઓકાત મને યાદ દેવડાવી હતી. આજે હું તને તારી ઓકાત યાદ દેવડાવું છું. હવે જા જઈને જો દર્પણ!”
એ લાલ પૂંછડીવાળો વિચાર પોતાનું કામ ચુપચાપ પતાવીને ચાલ્યો જાય છે! અને માણસ પોતાના પગ પર કુડાડી મારીને ઊભો રહે છે.

@snehnusarnamu

વાર્તા અગિયાર

એક શ્વાસ

@snehnusarnamu

“પ્રિયે આપણાં શરીર બે પણ આત્મા એક, શ્વાસ એક છે. હું તને ખુબ જ ચાહું છું.” સુલતાન પોતાની માશુકા ચાહતને કહી રહ્યો હતો.
“એ બધું તો ખરું સુલતાન પણ આપણી જ્ઞાતિ, આપણો ધર્મ અલગ છે.” ચાહતે પોતાની ચિંતા વ્યક્ત કરી.
“એથી શું થઇ ગયું? પ્રેમ તો છે. જીવી લઈશું.” સુલતાને ઉત્તર દીધો પણ ચાહતને તે ઉત્તર ગળે ન ઊતર્યો. એ વાતને બે વર્ષ વીતી ગયાં. બંનેએ પ્રેમ લગ્ન તો કરી લીધાં હતાં અને પ્રેમની નિશાની એવું બાળક પણ તેઓના ઘરમાં આવેલું પણ તેઓની પાસે કુટુંબ, સમાજ જેવું કશું જ હતું નહી. તેઓને નાત બહાર કરવામાં આવેલાં. મુશ્કેલી તો ત્યારે વધી જયારે છાપાંમાં બંનેના નામ છપાયાં અને લવ જેહાદ જેવા મુદ્દામાં બંનેને ફસાવવામાં આવેલા. રજનું ગજ થાય એ પહેલાં તેઓ નાસી ગયેલાં અને હવે તેઓ કાશીમાં વેશપલટો કરીને જીવી રહ્યાં હતાં. પણ આ જીવવું પણ કેવું, વરખાં મારવા જેવું હતું!
સુલતાન ઘેર બેસીને રોટલીઓ તોડતો. પ્રેમ માણસને નકામો બનાવી દે છે એવું ચાહત માનતી કે અનુભવી રહી હતી. બાળકના આવ્યા બાદ એ બધું વધારે ચાલવાનું નહોતું અને એવું જ થયું. એક દિવસે બંને ખુબ ઝઘડ્યા. સુલતાને ન સાંભળવાનું ઘણું સાંભળ્યું. તેને લાગી આવ્યું અને તે ઘર છોડીને ચાલ્યો ગયો. જતાં જતાં તેણે ચાહતના ચહેરા સામે જોયું. આ એ જ ચહેરો હતો જેના વગર તે એક ક્ષણ પણ રહી શકતો નહોતો. પોતાના શ્વાસ જેવી ચાહત વગર શું તે સુલતાન રહી શકશે?
@snehmusarnamu
સુલતાન પાસે તેની માં એ આપેલું સોનાનું કડું હતું. તેણે સોનીને તે વેચી માર્યું અને જે પૈસા મળ્યા તેમાંથી પાસપોર્ટ બનાવી દુબઈ ઉપડી ગયો. ચાહતને તેણે દુબઈ જઈને ફોન કર્યો ત્યારે તેણી તો હેતબાઈ જ ગઈ! જો કે સુલતાન સારા એવા પગારે નોકરી લાગ્યો હતો તે વાતનો તેને આનંદ થયો પણ જ્યાં સુધી પૈસા ન આવે ત્યાં સુધી લોકોના ઘરે કચરા-પોતું પણ કરવા જવું પડે એવી હાલત હતી. એક બાજુ ટેણીયો નાનો હોવાથી ઘણી તકલીફ પડતી હતી. ચાહત જોડે પણ કોઈ પોતાનું નહોતું જે તેની મદદે આવે. પાડોશીઓ પોતાનું કરી ખાતાં. કોઈને ચાહતની પડી નહોતી. રાત આખી તે રડવામાં કાઢતી. તેને બસ ધીરજ રાખવાની હતી...
વાતને મહિનો નીકળી ગયો. સુલતાન પગારના દિવસે ઓફિસે ગયો અને વીસ હજાર રૂપિયા સાથે પાછો ફર્યો. સુલતાનના કાનમાં ચાહતના આકરા શબ્દો અફડાવા લાગ્યા. તે ભૂલી ગયો કે ચાહત કેવી હાલતમાં જીવી રહી હશે. તે ભૂલી ગયો કે તે શા માટે આવ્યો હતો. તેને ચાહત પર નફરત થઇ આવી! પહેલીવાર તે પોતાનો શ્વાસ ચુકી ગયો!
અને તેણે વાટ પકડી દારૂના અડ્ડાની. થોડા દિવસમાં તેણે અડધો પગાર દારૂ પાછળ ઉડાડી દીધો. શેતાને તેના બંને ખભા જાણે જીતી લીધા હતા અને હવે તે પાક્કો

દારૂડિયો બની ગયો હતો. ચાહત રાહ જોઈ રહી હતી કે સુલતાન પૈસા મોકલાવશે પણ તે વાતને બે વર્ષ વીતી ગયાં. ચાહતે ઘર અને બાળકને કેવી રીતે સાચવ્યાં હતાં એ તો તેને જ ખબર હતી! એ બે વર્ષમાં તેણે પોતાનો જીવ નીચોડી નાખ્યો હતો. આ બાજુ સુલતાન બીજે પરણી ગયો હતો.

વીસ વર્ષ પછી ચાહતનો છોકરો પોતાના બાપને મળવા દુબઈ ઉપડ્યો. એ વીસ વર્ષો દરમિયાન માં-દીકરા પર શું શું, કેવું કેવું ઘટ્યું હતું તેનો અંદાજો સામાન્ય માણસ ન લગાવી શકે! કલ્પના કરતાંય કંપારી છૂટે એવી પરિસ્થિતિઓ વિશે તો દિલાસો જ ઘટે!

સુલતાનનું શરીર દારૂના લીધે નબળું પડી ગયું હતું. તે બિમારીથી પથારીમાં સુઈ રહેતો. તેની બીજી પત્ની તેને છોડી ચાલી ગઈ હતી. બંનેને બાળકો થયાં નહોતા. સુલતાનના છેલ્લાં શ્વાસ ચાલી રહ્યા હતા અને તેનો દીકરો તેની આગળ પ્રસ્તુત થયો.

“ચાહતને તમે ઓળખો છો?” તેણે સીધો પ્રશ્ન કર્યો. સુલતાને આંખો ખેંચી બોલનારને ઓળખવાનો પ્રયત્ન કર્યો. નાક-નકશો જાણીતો લાગ્યો. એક ઝટકા સાથે તેણે ચાહતને યાદ કરી.

“મારો શ્વાસ હતી એ તો. એના વગર હું મરી ગયો, ક્યારનોય.”

“એટલે જ એને એકલી મૂકી દીધી હતી? જાણો છો કેવી રીતે જીવ્યા છીએ અમે બંને?”

@snehnusarnamu

“તું કોણ?”

“તમારો દીકરો... ના... ચાહતનો છોકરો.”

સુલતાનના આંખોમાં આંસુ જામ્યાં. ખુશી સાથે સંતાપ અને કંઈ કેટલીયે લાગણીઓ જન્મી પણ એ બધાનું હવે કશું ઉપજવાનું નહોતું.

“બેટા અહીં આવ. મારી પાસે.”

“ના, ચાહતે તમને કશુંક પૂછાવ્યું છે. એટલું કહીને હું વિદાય લઈશ. તમે જીવો કે મરો મને કોઈ ફરક નથી.”

સુલતાન રડી પડ્યો. ચાહતના શબ્દો તેણે યાદ કર્યા. એ હૃદયભેદી શબ્દો તેનો દીકરો ફરી બોલી રહ્યો હતો પણ આ વખતે ય વાંક તો સુલતાન તારો જ હતો!

“ચાહતે પૂછ્યું છે કે કોઈ પોતાના શ્વાસને છૂટો કેવી રીતે કરી શકે?”

સુલતાન વિચારોમાં સરી પડ્યો. ચાહતને તેણે આપેલ તલાક શું તેના કહેવાતા પ્રેમનું પરીણામ હતું કે પેલા ખભા પર બેઠેલા શેતાનનું?

સુલતાન એકલો પડી ગયો. છેલ્લાં શ્વાસ લેતો તે ચાહતને યાદ કરવા લાગ્યો. સુલતાન પૈસા કમાવવા કરતાં જવાબદારી નિભાવવું સમજી ગયો હોત તો?

તેણે ચાહતના છેલ્લાં વાક્ય યાદ કર્યા...

“સુલતાન તારો પ્રેમ પરિપક્વ ન થઈ શક્યો. તું ગાંડાની જેમ મને ચાહે છે એ ખરું

પણ ચાહતને તારા શ્વાસથી ચાલતાં આખા શરીરની જવાબદારી જોઈએ છીએ. દિલથી દુવા કર કે દિલ તને સદબુદ્ધિ આપે...”
યાદોનું સંભારણું આપીને તે પ્રેમીનો શ્વાસ ટૂંકાઈ ગયો.
જો કે રોજેરોજ આવા તો કેટલાય શ્વાસ ટૂંકાઈ જતાં હશે. સવાલ શ્વાસનો તો નથી જ, પ્રેમની જવાબદારીનો છે.

@snehnusarnamu

વાર્તા બાર
દેવજી દુંદાળો

@snehnusarnamu

“એ દેવજી, હાલ ગામને પાદર. આખો દિવસ શું ક્રિકેટ મેચ જોયા કરે છે?”
“લવજી, તું તારે જા. હું આટલી મેચ પતાવીને આવું.”
દેવજીને ટેલીવિઝનનું ઘેલું. આખો દિવસ કશુંકને કશુંક જોયા કરે. ઘરેથી બહાર નીકળવું એટલે એના માટે મોટી કસરત જાણે! એમાં ને એમાં મોટી ફાંદ ફુલાવીને બેસી ગયેલા મહાશય. તેનો ભાઈબંધ લવજી એનાથી જુદા જ સ્વભાવનો. આખું ગામ ખુંદી વળે અને બધાની ખબર રાખે.
“દેવજી, તારી માસીના છોકરાના લગ્ન છે. જવાનું છે કે નહી તારે?”
“જો લવજી, તું તારે જઈ આવ. મારો ચાંદલો લખાવી દે જે. આપણા સમાજમાં બધા છોકરાંને પૈણ્ય ઉપડ્યું છે પણ મારે તો આજની મેચ કોઈ કહેતા કોઈ કાળે જવા દેવી નથી.”
“ખરું છે તારું તો દેવજીડા.” લવજી ગુસ્સામાં ત્યાંથી નાસી ગયો.
એક દિવસે દેવજી બિમાર પડ્યો. ઘરે કોઈ હતું નહી તો લવજીએ તેની ચાકરી કરી. દેવજી ખુશ થઇ ગયો. તેના છોકરાં કોઈ કહેતાં કોઈ રીતે તેની વાતો માનતા નહી. બિમારીના સમયે પણ તેઓ તેની પાસે નહોતા. જો કે વાંક દેવજીનો જ. તેનો દુંદાળો સ્વભાવ બધાને કનગડતો.
“દેવજી, તારો ચાંદલો લખાવી દીધો છે. તારી માસી તને બહુ યાદ કરતાં હતા. શું તું ય આખો દિવસ પડ્યો પાધરો રે છે?”
@snehnusarnamu
“તારી વાત સાચી છે મિત્ર. મારે મારો સ્વભાવ બદલવો પડશે. મેં વિચારી લીધું છે કે હું શાકભાજીની લારી નાખીશ.”
લવજીએ વિચાર્યું કે નખ્ખોદ ગયું આ તો! આને ક્યાં ધંધાનો વિચાર આવ્યો. દેવજી તો ઘર વેચીને ઘંટી કરે એવો માણસ. જો ધંધો નિષ્ફળ જશે તો દોષનો ટોપલો મારા પર જ નાખશે.
“એલા, દેવજી. રહેવા દે. શાકભાજીનું કામ આપણું નહી.”
“તું તારે જો લવજી. શાકભાજીમાં હી જ આપણે શેઠ બનીને બતાવીશું.”
કાગડા ઉડ્યા. સવાર પડી અને શાકભાજીની લારી તૈયાર થઇ. પાણી-બાણી છાટ્યું અને દેવજીએ પોતાનો કર્કશ અવાજ લહેરાવ્યો.
“બટાકા, ડુંગળી, ફુલેવર, કારેલા, રીંગણ ને પાલક લઇ લો રે બુન...”
લોકો તો પહેલાં દેવજીને ઘરની બહાર જોઈને જ આભા થઇ ગયા! આ દુંદાળો શું વેચવા નીકળ્યો છે, લાવ જોઇ આવીએ. એમ કરીને ઘણું લોક એની લારીની આસપાસ એકઠું થયું. થોડીવારમાં દેવજીનો અડધો માલ વેચાઇ ગયો!
“જોયું લવજી, આપણી તાકાત!” દેવજીને શું જવાબ આપી શકવાનો હતો લવજી!
દિવસો જવા લાગ્યા અને દેવજી તો દેવજી શેઠ બની ગયા. શાકભાજીની મસ્ત દુકાન ખરીદી અને પલાંઠી વાળીને બેસી ગયા. મજૂરીયા એમનું કામ કરે જાય અને દેવજીભાઇ પૈસા ગણતા જાય. લવજીને એણે સવારે શાકભાજી ખરીદવામાં

નોકરીએ રાખી લીધો હતો.
એક દિવસ દેવજી બિમાર પડ્યો. લવજી કામમાં વ્યસ્ત હતો. છોકરાઓ તો આમેય દેવજીથી દૂર જ રહેતા. ઘરમાં વળી પાછું કોઈ નહોતું. દેવજીને લવજીની યાદ આવી અને તેણે લવજીને ફોન કર્યો. લવજી સમય બગાડ્યા વગર તેની પાસે પહોંચી ગયો.
“લવજી, મને આપણું બાળપણ યાદ આવે છે. કેવી મિત્રતા હતી આપણી બંનેની! કશાની ફિકર નહી અને ખાવો પીવોને લ્હેર કરો. ત્યારે આપણેય માં-બાપને અવગણી દેતા હતા જેવું મારા છોકરાઓ મારી સાથે કરી રહ્યા છે.”
“એ બધું તો ચાલ્યા કરે દેવજી. જેવું આપણે સંતાનોને શીખવ્યું હોય તેવું આપણને ફળ મળે.”
“સાચી વાત છે લવજી પણ મનમાં વસવસો રહે છે કે મારી તબિયત બગડે ત્યારે કોઈ નહી ને તું જ નખ્ખોદિયો મારી પાસે હોય છે!”
બંને હસી પડ્યા. જીવનની આંટીઘૂંટી અને સંબંધની નિષ્ફળતાઓને મજાકમાં ઉડાવી નાખી. દેવજી દુંદાળાની આર્થિક પરિસ્થિતિ સુધરી હતી, કૌટુંબિક નહી. લવજીએ તેનું જીવન જોયે રાખેલું. દેવજીને તે ઘણીવાર કહેતો કે છોકરાઓને માપમાં રાખ પણ દેવજી પોતે ક્યાં માપમાં હતો! અને જયારે તે માપમાં આવ્યો ત્યારે ઘણું મોડું થઇ ગયું હતું...
દેવજી અને લવજી ઘડપણની એ સજી સાંજે બાંકડે બેઠેલા હતા. એક ખરા મિત્રોની જેમ તેઓ કોઈ જાતની ફિકર વગર બસ સુર્યાસ્તને નિહાળી રહેલા. ઘરડું ઘર તે જુવાનિયાઓને સમાવી શકે તેમ નહોતું! એટલે જ પરિવારે કાઢી મુક્યા બાદ બંને જણે સાથે મળીને વેપાર શરૂ કરેલો. આઈ.પી.એલ. ની ટિકીટો વેચવાનો! જુવાનિયાઓની જેમ તેઓ ફટોફટ ટિકીટો વેચી નહોતા મારી શકતા પણ હા ગુજારો થઇ જાય એટલું કમાઈ લેતા અને પછી એય ને ઉડાવે રાખતા.
“દેવજી, તારું પેટ તો ગયું એ ગયું. દેવજી દુંદાળામાંથી તું ફીટ એન્ડ ફાઈન દેવજી બની ગયો.”
“લવજી તારા જેવા મિત્રને લીધે. આ જોને પેલો સૂરજ સાથ છોડીને જઈ રહ્યો છે. આપણા જેવા ઘરડાઓને સાથની બહુ જરૂર હોય છે, નહી કે લવજી?”
લવજી સુનમુન બેસી રહ્યો. તેનાથી ન બોલાયું.
“દુંદાળા જેવી વાતો ન કર પાછી.”
“લવજી, જોને આપણી આઈ.પી.એલ. તો ખતમ થવા આવી. જીવનના કેટલા કલાક આંખો બગાડી મેં અને સંબંધ પણ...”
“એવું ન વિચાર. એમ સમજ કે કશોક અનુભવ લીધો તે.”
“હશે જ. મને ટેલીવિઝને ન શીખવ્યું કે મારા માબાપનું સન્માન કરું. ન એવું શીખવ્યું કે મારા સંતાનને એવું શીખવું. કશું જ ન શીખવ્યું આ ટેલીવિઝને. આ તો બસ રૂપિયા રળતું સાધન છે વ્હાલા મિત્ર.”

@snehnusarnamu

“દેવજી, માણસ બધું ટેલીવિઝનમાંથી નથી શીખતો. તેની બહાર પણ દુનિયા છે. જો તે એ જાણી લીધી હોત તો તારી આવી હાલત ન હોત.”
“તો તારી હાલત કેમ મારા જેવી થઇ?”
“આ દેવજી દુંદાળાના ભોગ લાગ્યાં વળી!”
કહી બંને હસ્યા. વળી પાછી પોતાની લાચારીઓને ઢાંકી લીધી, મજાકમાં ઉડાવી લીધી. સૂર્ય અસ્ત થતો જતો હતો અને બંનેના મોઢા પડી રહ્યા હતાં.
દેવજીએ લાકડી ઉઠાવી અને બાંકડા પરથી ઊભો થયો. તે તેના બાપની ખાનદાની લાકડી હતી. તે લાકડી બાંકડાને વાગી ત્યારે દેવજીને થયું કે તે પોલી હતી. તેણે તેને થોડીક ફંફોસી જોઈ અને ત્યાં જ તેનું માથું ખુલી ગયું અને અંદરથી પરચી નીકળી. પરચીમાં ઘણા સુવાક્યો લખેલાં હતાં જેમાંનું એક પેલું માબાપનું સન્માન કરવાનું વાક્ય પણ હતું.
ગુપ્ત રાખેલો ખજાનો વ્યવહારમાં તો શૂન્ય જ છે...
દેવજીએ એ ચિઠ્ઠી પોતાના છોકરાંને પોસ્ટ કરી દીધી અને સાથે તેની એક નકલ લવજીના છોકરાંને!

@snehnusarnamu

વાર્તા તેર
ઉલ્કાની સવારી

@snehnusarnamu

“ચાર ગ્રહને ખાઈ ગયો છે તે ઉલ્કાપીંડ. હવે પૃથ્વીનો વારો છે. વૈજ્ઞાનિકોએ દુનિયાને ચેતાવણી આપી દીધી છે કે તે ડૂમ ડે માટે તૈયાર રહે.” ન્યુઝ રિપોર્ટર હડબડાટમાં ઘણું બોલી ગયો. આકાશ તે સાંભળી રહ્યો હતો. સ્નાતક થઈને તેણે કશું તીર નહોતું માર્યું અને નોકરી પણ છેટે હતી પણ કશુંક તેણે પામી લીધી હતું જે કોઈ પામી શકતું નહોતું. તેની પાસે મહામાનવની તાકાત આવી ગઈ હતી!

કોઈક રોગમાં પટકાઈને તે અસહ્ય દર્દમાંથી પસાર થયો હતો. તેના પીડાનો પરિપાક એ આવ્યો કે તેનું શરીર અલૌકિક બાબતોને દેખાડવા લાગ્યું. તે દીવાલની આરપાર ન કેવળ દેખી શકતો પણ જઈ શકતો હતો! તે હવામાં ઉડી શકતો હતો અને અંતરીક્ષની સેર કોઈ સ્પેશસ્યુટ વગર કરી શકતો! તેનું શરીર રબરની જેમ વળી જતું તો ફૌલાદની જેમ મજબૂત બની જતું. તેની શક્તિઓ એક બાદ એક ઉભરતી જઈ રહી હતી. તેનું શરીર તે શક્તિઓનો મેળો બનતું જઈ રહ્યું હતું. લોકો ખુશ હતાં કે તેઓને કોઈક મહામાનવ મળ્યો. તેઓને શી ખબર કે મહામાનવ સાથે જ કુદરત મહામુસીબત પણ મોકલતી હોય છે. અને તે મુસીબત પેલી ઉલ્કાના રૂપે આવી રહી હતી.

“આકાશ, શું તું તૈયાર છે?”

“રોશની, તું મને મોકલવા રાજી કેવી રીતે થઈ? આ ઉલ્કા બહુ જ ગરમ છે. જાણે સૂરજ પૃથ્વીને ગળવા આવી રહ્યો હોય તેવી! અને તું નિર્દયી થઈને મને શહીદ થવા મોકલી રહી છો?” આકાશે મજાકિયા અંદાજમાં પોતાની પ્રેમિકાને કહ્યું.

@snehnusarnamu

“એવું નથી. દુનિયાને તારી જરૂર છે આકાશ. ઉલ્કાની સવારી કરવાની છે તારે તો!” રોશનીએ આકાશનો સુપરકોટ કસીને બાંધ્યો.

આકાશ બલીનો બકરો બનીને તૈયાર બેઠો. થોડીવાર રોશનીને જોઈ રહ્યો. લોકો ઉત્સાહથી ચિચિયારીઓ પાડીને પોતાના મહામાનવને બિરદાવી રહ્યા હતા. ઠેરઠેર પ્રાર્થનાઓ થઈ રહી હતી. હરેકની સામે મોત મંડરાઈ રહ્યું હતું અને બચાવનાર કેવળ એક માણસ હતો!

આકાશે ઉડાન ભરી. તેના માટે તે નવું નહોતું. બસ પગનો ઠેકડો ભરીને શરીર ઉપર ઊઠાવી ઉડી જવાનું. અને તે ઉડી ગયો...

પૃથ્વીના પટલોને ચીરતો તે અંતરીક્ષ તરફ આગળ વધ્યો. તે પહેલીવાર ડરી રહ્યો હતો. તેના સુપરપાવર તેની સાથે હતા પણ તેનો આત્મવિશ્વાસ ડગમગી રહ્યો હતો. ધગધગતી ઉલ્કાની સવારી કરવાનો પ્રયત્ન કરવો કે નહી એ તેની પસંદગીની વાત હતી પણ પૃથ્વી પાસે એવી કોઈ પસંદગી નહોતી. એ તો લાચાર ઊભી પોતાનો અંત સામેથી આવતો જોઈ રહી હતી.

આકાશ ઉલ્કાની પાસે પહોંચી ગયો અને તેની બાજુમાં જઈને અવકાશમાં ઊભો રહી ગયો. ઉલ્કા ખુબ જ મોટી અને ગરમ હતી. તેનો છેડો દેખાતો નહોતો એ તો ખરું પણ એમાંથી નીકળતી આંચ આકાશની ઇન્દ્રિયોને હચમચાવી રહી હતી.

થોડું વધારે સહ્યું તો પોતે સળગી ઊઠશે એવું તેને લાગવા માંડ્યું. તેથી તે ઉડીને દૂર જતો રહ્યો.
આકાશને વિચાર આવ્યો કે બીજાની મુશ્કેલીમાં પોતાનો જીવ શું કામ ગુમાવવો? એટલું તે શું આવી પડ્યું છે?
ઉલ્કાની સવારી અશક્ય હતી. મહામાનવની હિંમત તૂટી પડી. તેણે મનને મનાવી લીધું અને બીજા કોઈ ગ્રહ પર નવું જીવન વિતાવવું એવું વિચારવા લાગ્યો. પણ બીજે જીવન કેવી રીતે પેદા થાય? કોઈ માદા વગર તો તે કેવી રીતે શક્ય બને? અને તેને રોશની યાદ આવી. તેનું સ્વાર્થી બનેલું મન ફરી પીગળ્યું. પૃથ્વીવાસી માટે નહી તો પોતાની પ્રેમિકા માટે તો તેણે ઉલ્કાની સવારી કરવી જ રહી!
ઉલ્કા પૃથ્વીથી ચારસો કિ.મી. દૂર હતી અને કલાકમાં તો પૃથ્વી પર ત્રાટકી જવાની હતી. તે કલાકમાં આકાશે ઉલ્કાની સવારી કરી તેને પૃથ્વીથી દૂર ધકેલી દેવાની હતી પણ એમ કરવા જતાં તેના જીવને જોખમ હતું. પોતે મરી જશે તો રોશનીનું શું થશે? શું તે બીજે લગ્ન કરી લેશે? વળી પાછો આકાશ રોકાયો! તે ફરી કઠોર બન્યો. જેના માટે પૃથ્વીને તે બચાવવા જઈ રહ્યો હતો, જો તે જ તેની ન રહી તો પૃથ્વીને બચાવીને શું કામ!
જો મહામાનવમાંથી માનવ કાઢી નાખ્યું હોત તો આકાશ આટલું બધું વિચારતો ન હોત.
@snehnusarnamu
ઘણો મનોસંઘર્ષ કર્યા બાદ આકાશ ઉલ્કાની સવારી કરી નાખવા તૈયાર થયો. તેની પાસે આશરે પચાસેક મિનીટ હતી. તેણે ઉલ્કાને અડી જોઈ અને તેના આશ્ચર્ય વચ્ચે તે ઠંડી બરફ હતી!
આકાશ ખુશીના માર્યા ઊછળી પડ્યો. તેણે તરત ઘોડેસવારની જેમ ઉલ્કા પર પોતાનું સ્થાન લીધું અને ઉલ્કાને પોતાની અલૌકિક તાકાત અને બાહુબળ વડે પૃથ્વીથી દૂર હંકારી લીધી. જાણે કોઈ મદમસ્ત આખલાને લઈ જઈ રહ્યો હોય તેમ સ્પેશસ્ટેશનના કેમેરામાં તે ફોટો પણ પડાવતો ગયો!
એ વાતને વર્ષો વીતી ગયા. રોશનીના બીજે લગ્ન થઇ ગયા હતાં. આકાશનો કોઈ પત્તો નહોતો. લોકો મહામાનવને શહીદ માનીને પોતાની રોજિંદી જિંદગીને ઢસરડવા લાગ્યા હતા...
ક્યાં ગયો હતો આકાશ?
તે અંતરીક્ષ યોદ્ધો, ઉલ્કાનો સવાર, ક્યાં ખોવાઈ ગયો હતો?
બસો વર્ષ પછી તે ઉલ્કા ફરી પૃથ્વીની કક્ષામાં આવી. આ વખતે તેનો ફાંટો દૂર હોવાથી તે પૃથ્વીને જોખમી નહોતી પણ તે પોતાની સાથે કશુંક લાવી હતી. તે આકાશનું શબ લાવી હતી!
આકાશે જયારે તેની સવારી કરી ત્યારે તેને ખબર નહોતી કે તે ઉલ્કા તેની શક્તિઓ છીનવી લેશે. સવારી કરતાં તેઓ થોડાક આગળ ગયા હશે ત્યાં આકાશ ઉડવા

ગયો ત્યારે તેને ખબર પડી કે ફસાયા. તે ઉલ્કા પણ તેના જેવી કોઈક અલૌકિક ઉલ્કા હતી, શક્તિઓ ખાનારી ઉલ્કા! અને આકાશ ઉડી ન શક્યો. તે ત્યાં જ ખોટવાઈ ગયો, જાણે ઉલ્કાનો ગુલામ થઈને પડી રહ્યો.
માણસ તરીકે તે વધારે ખેંચી ન શક્યો અને અઠવાડિયામાં જ ઉલ્કા પર પોતાનું જીવન ગુમાવી બેઠો. તે ઉલ્કા પૃથ્વી પાસે આવી ત્યારે લોકોને સત્યની જાણ થઈ. આ વખતે તે ઉલ્કા ભલે પૃથ્વી જોડે ટકરાવાની નહોતી પણ પૃથ્વીથી નજીક ચોક્કસ જવાની હતી. તે બાબતને લીધે જાણે તે પૃથ્વીવાસીઓને પોતાની સવારી કરાવતી હોય તેમ દેખાઈ રહી હતી. પૃથ્વી પરથી મોટી ઉલ્કા આકાશમાં જોવાનો લાહવો સર્વે લીધો પણ તેની કિંમત હતી!
તે ઉલ્કાએ પૃથ્વીના પેટાળની શક્તિ ખેંચી લીધી હતી જેના લીધે ચુંબકીય ઉથલપાથલ થઈ અને જ્વાળામુખી ફાટી નીકળ્યા, ઠેરઠેર ધરતીકંપ થયા, દુષ્કાળ પડ્યા, પૃથ્વીનું વાતાવરણ નબળું પડી ગયું. મહામાનવને પેદા કરનારી પૃથ્વી લાચાર બની ગઈ.
જેમ મહામાનવ સાથે જ કુદરત મહામુસીબત પણ મોકલતી હોય છે તેમ મહામુસીબત સાથે મહામાનવને પણ મોકલતી હોય છે!

@snehnusarnamu

વાર્તા ચૌદ
સંપૂર્ણ માણસ

@snehnusarnamu

“ઓપરેશન સફળ થયું. આપણે તેના શરીરમાં નવા જીન્સ દાખલ કરવામાં સફળ રહ્યા.”
“આ તો બહુ મોટી ઉપલબ્ધિ છે! આપણે એવો માણસ બનાવી ચુક્યા છીએ જે કદી મરશે જ નહી!”
“એટલે સંપૂર્ણ માણસ!”
બે જીવ વૈજ્ઞાનિકો પોતાની સફળતાની ઊજવણી કરી રહ્યા હતા. તેઓએ જાણે શક્યતાઓનું નવું દ્વારા જ ખોલી નાખ્યું હતું. માણસના શરીરમાંથી નુકશાનકારક જીન્સ હટાવી નવા જીન્સ દાખલ કરીને તેઓએ સંપૂર્ણ માણસ બનાવવાનો દાવો કર્યો હતો જેની રોગપ્રતિકારક શક્તિ સો ટકાની હતી!
“હવે તો લોકો ઈશ્વરને પણ નહી માને!”
“કેવી રીતે માને? આપણે જ હવે માણસો બનાવતા થઇ જઈશું!”
ઘણું ભણીને તેઓમાં અભિમાન દાખલ થઇ ગયું હતું. વિજ્ઞાનને છોડીને તેઓ કોઇ વિચિત્ર જ્ઞાનની પાછળ ચાલી નીકળેલા.
“તો હવે આ માણસનું આપણે શું કરીશું?”
“બસ, લોકોને તે માણસની ખૂબીઓનો પરિચય કરાવી દેવાનો.”
“એ માટે તો આપણે તેઓને તેના શરીરનો ડેમો આપવો પડશે.”
“ચોક્કસ, આવતીકાલે જ ગોઠવીએ...”
@snehnusarnamu
બંને લેબ બંધ કરીને પોતાના ઘરે ગયા. તે સંપૂર્ણ કહેવાયેલો માણસ પ્રયોગની પથારીમાં આંખ બંધ કરીને પડ્યો રહ્યો. બીજા દિવસે તેના પર પરીક્ષણ થવાનું હતું.
બીજા દિવસે તેની આંખો ઉઘડી. દુનિયાને પહેલીવાર જોતી હોય તેમ તેની આંખો ચકળવકળ થવા લાગી અને બધું જ નીરખવા લાગી. તેની આંખોમાં આશ્ચર્યના ભાવ હતા અને સાથે જ શક્તિશાળી હોવાની અનુભૂતિ પણ.
“ચાલો આપણે તેને પ્રદર્શનના સ્થળે લઇ જઈએ.”
તે માણસને વિશેષ ગાડીમાં બેસાડીને કોઇક સ્થળે લઇ જવાયો, જ્યાં ઘણું માણસ એકઠું થયેલું હતું. તેઓ બધા વિજ્ઞાનના ચમત્કારને જોવા માટે એકઠા થયેલા હતા. વર્ષો પહેલાં કોઈકે ગોડ પાર્ટીકલ શોધી કાઢવાનો દાવો કરેલો. તે વાતને ઘણા વર્ષો વીતી ગયા અને ઘણા લોકો આવ્યા ને જતા રહ્યા જેઓએ ઈશ્વરની સામે બાથ ભીડી હતી.
“તમને બધાને ખબર જ હશે કે અમને સફળતા મળી ગઇ છે. આ માણસ જે તમારી સામે છે તે અમર છે!”
લોકોમાં સોંપો પડી ગયો. અમરત્વ, કદી ન મરવું જેવી બાબત કેટલી સિફતથી બોલી ગઇ હતી પણ શું તે સાચી હતી?
માણસના શરીરમાં રસી દાખલ કરવામાં આવી. આ રસી રોગપ્રતિકારક શક્તિ પેદા

કરવા માટેની નહોતી પરંતુ તેનામાં રોગ પેદા કરવા માટેની વિશેષ રસી હતી જેથી તેના શરીરની રોગપ્રતિકારક શક્તિ તપાસી શકાય.
ધીરે ધીરે તે ઝેર તેના શરીરમાં દાખલ કરાયું. તે શરીર પોતાનું કામ કરવા લાગ્યું અને તેણે તે રસીની સામે લડી લીધું!
“જોયું તમે બધાએ? રોગની કોઈ અસર હવે માણસના શરીર પર નહી થાય!”
સૌ લોકોએ આનંદની ચિચિયારીઓ અને તાળીઓથી તે સંપૂર્ણ માણસને વધાવી લીધો. તેના શરીરને સૌ કુતૂહલથી જોવા લાગ્યા.
“શું આવનારા બાળકો આવા જ જન્મશે?” ભીડમાંથી કોઈકે પ્રશ્ન કર્યો.
“ચોક્કસ. હવેથી મહામાનવોની નવી પેઢી આવશે જેઓ ખુદ પોતાના ઈશ્વર બનશે!”
લોક વિખરાયું અને સંપૂર્ણ માણસને પેક કરવામાં આવ્યો. લેબમાં લઈ જઈને તેને સૂવડાવી દેવામાં આવ્યો જેથી બીજા દિવસની સવારે તે વધુ પરીક્ષણો માટે તૈયાર રહે.
સૌ સુઈ ગયા હતા. ઘોર નિંદ્રામાં પોતાની સફળતાના સ્વપ્ન જોતા તે જીવ સંપૂર્ણ જીવના અસ્તિત્વથી અજાણ હતા જેમાં કશુંક નવીન જન્મી ચુક્યું હતું. તે જીવમાં પારલૌકિક તાકાતનો માલિક બની ચુક્યો હતો. તે કોઈપણ માણસનું મૃત્યુ ભાખી શકવાની શક્તિ પામી ચુક્યો હતો!
@snehnusarnamu
“તમે બંને મારા સર્જક, તમારું મોત કાલે જ થવાનું છે!” તે નવા સર્જને પોતાના સર્જકોનું ભાવિ ભાખ્યું અને તે સાથે જ બંનેના હૃદયમાં જોરદાર ધ્રાસ્કો પડ્યો. તે કેવી રીતે બને? શું તેઓ કશું અજુગતું સાંભળી રહ્યા હતા?
“તું શું કહે છે? તને કેવી રીતે ખબર?”
“મને બધી ખબર પડી જાય છે. હું દરેકનું મોત જોઈ શકું છું.”
તેને હસી કાઢવામાં આવ્યો. કોઈએ તેની વાત ગંભીરતાથી ન લીધી. અને ન થવાનું થયું.
તે બે વૈજ્ઞાનિકોના શબ લેબમાંથી સવારે મળી આવ્યા. તેમનું સર્જન તે જીવ ત્યાંથી ગાયબ હતો. છાનબીન કરતા જાણવા મળ્યું કે આંતરરાષ્ટ્રીય ચોરોએ તે સર્જન ચોરી લીધું હતું અને જપાજપીમાં વૈજ્ઞાનિકો માર્યા ગયા હતા!
તે સંપૂર્ણ માણસને જે ચોરોએ ચોરી લીધો હતો તે રાત્રે તેઓની કેદમાં સુઈ ગયો હતો. સવારે ઊઠીને તેણે ચોરોને કશુંક કહ્યું,
“આજનો દિવસ તમે જીવી લો કેમ કે રાત્રે તમે ઠાર મરાશો!”
ચોર બેબાકળા બની ગયા. તેઓના મનમાં ફાળ તો પડી પણ છેવટે તેની વાત અવગણીને તેઓ પોતાના કામમાં પરોવાયા. રાત પડી અને તેઓની મોત આવી પહોંચી. પોલીસ સાથેની જપાજપીમાં તેઓ ઠાર મરાયા. પેલું સર્જન ત્યાંથી નાસી ગયું હતું...

એ બાદ તે સંપૂર્ણ માણસ જ્યાં જ્યાં ગયો ત્યાં ત્યાં કોઈક મર્યું. દરેકના મોતને ભાખીને તે ખાસો એવો પ્રસિદ્ધ થઈ ગયો હતો. તેનાથી સૌ કોઈ ડરતા હતા. તેનું આવવું અને મોતની રાડ પડવી.
“આને કાઢો અહીંથી. આ તો ખૂની છે.” ટોળું બોલી ઉઠ્યું.
“હું અને ખૂની? મેં ક્યાં કોઈનું કતલ કર્યું છે?”
“તારા લીધે જ બધા લોકો ટપોટપ મરવા લાગ્યા છે. ત્રેવીસમી તારીખે તો તે વિમાન ક્રેશ થવાની વાત કરીને હદ જ કરી નાખી. કેટલા બધા લોકો એકસાથે મરી ગયા હતા!”
“મને લોકોનું મોત દેખાય છે એમાં મારો શું વાંક?”
“તું પોતે તો મરતો નથી પાછો!”
તે સંપૂર્ણ માણસ કદી ન મરવા માટે બનાવાયો હતો પણ તેનું જીવન ઘણાના મોતને ભાખનાર અભિશાપ જેવું થઈ પડ્યું હતું!
એક દિવસે તે શહેરના બગીચાના બાંકડે બેઠો હતો ત્યારે તેની પાસે એક વૃદ્ધ માણસ આવીને બેઠા.
“તું જ છો મોતને ભાખનારો?”
“હા દાદા, અને દુઃખની વાત એ છે કે તમારું મોત પણ બે ઘડી બાદ થવાનું છે.”
“તો તો એક કામ કરીએ. હું તને બાથમાં પકડી લઉં અને આવવા દે મોતને. લોકો કહે છે તું અમર છે, હું પણ બચી જઈશ!”
@snehnusarnamu
વૃદ્ધ માણસે હસીને સંપૂર્ણ માણસને બાથમાં લઇ લીધો. તે સંકોચાઈ ગયો પણ વૃદ્ધની નાદાની સમજીને તેણે પોતાને છોડાવ્યો નહી. બે ઘડી વીતી ગઈ. વૃદ્ધને મોત ન આવ્યું!
“શું થયું મારા મોતની આગાહીનું? રિસાઈ ગયું કે શું?”
સંપૂર્ણ માણસ વિચારવા લાગ્યો. આવું તો કોઈ દિવસ નહોતું થયું. તેની આગાહીઓ હરેક વખતે સચોટ ઠરી હતી. તો પછી પેલો વૃદ્ધ કેમ કરીને જીવતો હતો?
“કોઈ સંપૂર્ણ નથી દીકરા. યાદ રાખજે!” અને તે વૃદ્ધ ચાલ્યો ગયો. તે સાથે જ સંપૂર્ણ માણસનો જીવ અકળાવા લાગ્યો. જાણે મોત તેની પાસે આવતું જતું હતું... અને તે ઢળી પડ્યો!
પેલા બે વૈજ્ઞાનિકોએ આ પહેલાં પણ એક સંપૂર્ણ નમુનો બનાવેલો હતો જે શહેરમાં વૃદ્ધ થઈને ભટકતો હતો...

વાર્તા પંદર

@snehnusarnamu

The end

@snehnusarnamu